
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 14, Issue. 250, July 2023

શિક્ષક બંધુઓ, તમારે માથે તમારા પુરોગામીઓ કરતાં ઘણી ભારે જવાબદારી છે. પ્રાણાવાન રહેવું, યુવાન રહેવું અને તમને સોંપાયેલા વિદ્યાર્થીઓના વિચારો, ટેવો ને દષ્ટિના ઘડતરમાં ગમે તેટલો નાનોસરખો પણ ફાળો આપવો : આ બધું તમારું અહોભાગ્ય લેખાવું જોઈએ. તમારા પોતાના જીવન તેમ જ ઉપદેશ (શિક્ષણ)થી તમે તમારા દેશનાં માનગૌરવ જાળવશો–વધારશો અને એવી રીતે કરશો કે જેથી તમારા વિદ્યાર્થીઓ, એમના માતાપિતા અને જનસમાજના લોકો સ્વતંત્ર ભારતના નમુનેદાર નાગરિક બને એવી તમારી પાસે અપેક્ષા રાખવામાં આવી છે. લોકોને સહકારથી રહેતાં, સ્પષ્ટપણે ને વેધક રીતે વિચાર કરતાં, આપબુધ્ધિ ને સ્વાતંત્ર્યનો ઉપયોગ કરતાં, નર્યો ન્યાયયુકત વ્યવહાર રાખતાં, મજબૂત શરીર, ચપળ મન, અને સંવેદનશીલ આત્મા ખીલવતાં તેમ જ માનવ સેવા વડે ઈશ્વરની સેવા કરતાં સૌને શીખવીને હાલની તેમ જ હવે પછીની પેઢીઓ પ્રત્યે તમારી જવાબદારી તમે અદા કરી લેખાશે.

– જી.એસ.ક્રિષ્ણાય્યા

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

આગામી દાયકામાં આપણા ભારત દેશની ગણના દુનિયાના શ્રેષ્ઠ દેશોની હરોળમાં થશે અને તે મહાશક્તિ તરીકે ઓળખાશે એવી ચર્ચાઓ આજે ચોતરફ થઈ રહી છે એનું એક કારણ એ છે કે આવશ્યક ક્ષમતાના દર્શન વખતોવખત ભારતના સુપુત્રોના કર્તૃત્વમાંથી દેખાઈ આવે છે, છતાં પણ દેશમાં વર્ષોથી ચાલી આવતી ચર્ચાઓ અને સંવાદોમાં સતત આત્મનિંદા અને પરસ્મૃતિનો પ્રભાવ વધુ જોવા મળે છે. આપણી આવી ક્ષમતા એ પારકી અને વિદેશી ભાષાઓના સંસર્ગનું જ પરિણામ હોઈ શકે. તેમની સાથે સંપર્કમાં આવતા પહેલાં આપણે અજ્ઞાની હતા, જંગલી અવસ્થામાં હતા, તેથી પરકીયતા જ આપણા ઉદ્ધારનો માર્ગ છે એવું વાતાવરણ આજે પણ જનહૃદયમાં મૂળ નાખી ગયેલું જોવા મળે છે. આપણું તે બધું નકામું અસ્વીકાર્ય અને પારકાનું બધું જ સર્વથા સ્વીકાર્ય એવી વિચિત્ર માનસિક ગુલામી સ્વતંત્ર પ્રાપ્તિના સાત દાયકા વીતી ગયા છતાં પૂરતા પ્રમાણમાં દૂર થઈ શકી નથી.

આત્મગૌરવ અને સ્વાવલંબન સિવાય સમગ્ર વિશ્વમાં કોઈપણ દેશને સુરક્ષા, પ્રતિષ્ઠા અને વિકાસનો લાભ પ્રાપ્ત થઈ શકતો નથી એ પણ સર્વસ્વીકૃત વિશ્વમાન્ય વ્યવહારિક નિયમ છે. તેથી પ્રગતિના પથ પર અગ્રેસર થતી વખતે આપણા અવગણોની સાથે સાથે સમાજે આપણા ગુણો અને ઉત્તુંગ કર્તૃત્વની અમીટ છાપ અંકિત કરનારા આપણા ઇતિહાસનું સમ્યકજ્ઞાન નવી પેઢી સુધી પહોંચાડવું એ અનિવાર્ય અને અતિ આવશ્યક છે. આજ સુધી વિકસિત અને કરતૃત્વ સંપન્ન ગણાતા દેશો તેમની નવી પેઢીને કયો ઇતિહાસ શીખવે છે તેનું નિરીક્ષણ કે અવલોકન માત્ર કરીએ તો પણ આ વાત સરળતા અને સહજતાથી ગળે ઉતરી જશે.

આપણા દેશમાં સ્વાભિમાન શૂન્યતા નિર્માણ થાય અને આપણે વિદેશી સત્તાના નિયંત્રણ હેઠળ મૂંગે મોઢે જીવ્યા કરીએ એવા દુષ્ટ હેતુથી આપણા અતીતનો ગૌરવપૂર્ણ ઇતિહાસ નિર્ધારિત આયોજનના ષડયંત્રપૂર્વક નષ્ટ કરવાનો પ્રયત્ન ભારતને ગુલામ બનાવનારી સત્તાએ કર્યો. તેમણે નિર્માણ કરેલા ભ્રામક ઇતિહાસના સકંજામાંથી બની શકે તેટલી ઝડપથી મુક્ત થઈ જવું એ આપણો રાષ્ટ્રીય કર્તવ્ય બની રહે છે. ભ્રમણાનું આ જાળું પીંખી નાખનારા આપણા પૂર્વજોના ગૌરવવંતા વિશ્વ કલ્યાણકારી અને ભવ્ય કર્તૃત્વને પ્રગટ કરનારા અનેક સંકેતો આજે પણ દેશમાં સર્વત્ર વિદ્યાવાન છે. તત્વજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વૈદક, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, પર્યાવરણ જેવા જીવનના અનેકવિધ ક્ષેત્રોમાં આધુનિક વિશ્વનું પણ માર્ગદર્શન કરી શકવાની ક્ષમતા ધરાવતાં ઉત્તુંગ કર્તૃત્વની છડી પોકારનારા પરાક્રમી પૂર્વજોના આપણે સૌ વંશજો છીએ. તેની અનુભૂતિ અને સમજ સમાજમાં નિર્માણ કરનારાઓના બધા જ પ્રયત્નો આ દષ્ટિથી આવકાર્ય અને પ્રશંસનીય છે.

આપણા ગૌરવંતા સોમનાથ મંદિરના પરિસરમાં એક સ્તંભ છે, આ સ્તંભને બાણ સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે. આ સ્તંભ કેટલા વર્ષથી અહી છે તે કહેવું મુશ્કેલ છે. ઇતિહાસના ગર્ભમાં ડોકિયું કરીને શોધક કોણ એ વિચાર કરતાં કરતાં આપણે છઠ્ઠી સદીની પાસે પહોંચે છે ત્યાં આ બાણ સ્તંભનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે પરંતુ એનાથી એ વાત સિદ્ધ થતી નથી કે તેનું નિર્માણ છઠ્ઠી સદીમાં થયું છે. આ સ્તંભ કેટલો જૂનો છે તે અંગે ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી. આ બાણ સ્તંભ એ દિશાદર્શક સ્તંભ છે તેની ઉપર એક બાણ મૂકવામાં આવ્યું છે અને તેની નીચે એક લખાણ લખ્યું છે – 'આસમુદ્રાન્ત દક્ષિણ ધ્રુવપર્યંત અબાધિતજયોતિમાર્ગ' એનો અર્થ એ છે અહીંથી લઈને દક્ષિણ ધ્રુવ સુધી સીધી લીટીમાં એક પણ અવરોધ નથી અર્થાત આ માર્ગમાં ક્યાંય જમીનનો ટુકડો પણ નથી. આ પંક્તિમાં ગૂઢરહસ્ય સમાયેલું છે. અંતે ઉપરોક્ત બાબતો એ આપણી ભારતીય પરંપરા અને ધરોહરને ઉજાગર કરે છે.

તા. ૧ ઓગષ્ટ, ૨૦૨૩

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### સતત વૃક્ષારોપણ કાર્યક્રમ કરવા અંગે બેઠક












તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ સાંજે ૪:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી વિભાગના સેનેટ હૉલ ખાતે યુનિવર્સિટીમાં સતત વૃક્ષારોપણ કરવાનું આયોજન કરવાં માટે બેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિવિધ વિભાગીય વડાશ્રીઓ તથા વહીવટી અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આપણે સૌ જાણીએ છીએ કે પર્યાવરણને શુદ્ધ રાખવા માટેની અગત્યની જરૂરિયાત એટલે વૃક્ષો. આપણી યુનિવર્સિટીને હરિયાળી અને ખીલતી રાખવા માટે છેલ્લ ઘણાં સમયથી સતત યુનિવર્સિટી પરિસરમાં વિવિધ પ્રકારના વૃક્ષો વાવવામાં આવી રહ્યાં છે. યુનિવર્સિટી પ્રાંગણને એક અલગ દ્રશ્યથી જોવા તથા વધું હરિયાળી બનાવવાં યુનિવર્સિટી પરિવાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### IIA ગુજરાત ચેપ્ટરમાં EC મેમ્બર તરીકે વરણી



ભારતભરમાં Architectureના વ્યવસાયના ઉત્થાન માટે ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેકચર કાર્યરત છે. જેની વર્ષઃ ૨૦૨૩–૨૫ની ટર્મ માટે યોજાયેલી ચૂંટણીમાં યુનિવર્સિટીના આર્કિટેકચર વિભાગના વડાશ્રી ડૉ. રાજેશ મહેતા ચૂંટાઈ આવ્યા હતા. જે બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સભ્યો દ્વારા તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ સમગ્ર યુનિવર્સિટી પરિસરમાં હર્ષ અને ઉલ્લાસની લાગણી જોવા મળી હતી.

### યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષારોપણ મહાઅભિયાન વિશે ચર્ચા–વિચારણા અંગે બેઠકનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષારોપણ મહાઅભિયાન અંતર્ગત તા. ૦૬/૦૭/૨૦૨૩ના રોજ કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હૉલ ખાતે સાંજે ૪:૨૦ કલાકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ ટીચીંગ આસિસ્ટન્ટ અને શોધની શિષ્યવૃત્તિ ધરાવતા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પર્યાવરણની જાળવણી કરવી એ આપણી જવાબદારી છે અને એ માટે જ યુનિવર્સિટી સતત વૃક્ષારોપણ કરીને, તેને લોકો માટે એક સુટેવ બનાવે છે કે આપણે સતત વૃક્ષોનું રોપણ કરીને તેનું જતન કરીએ. વૃક્ષો આપણા માટે સુખાકારી, ફળદાયી અને આરોગ્યદાયી છે અને આપણી પૃથ્વીએ તથા યુનિવર્સિટીએ જાણે લીલુંછમ આવરણ ઓઢ્યું હોયને એવી રળિયામણી લાગશે.

## ૧૦૦૦ મેગા વૃક્ષારોપણ ડ્રાઈવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટ પરિસર ખાતે વૃક્ષારોપણ મહાઅભિયાન અંતર્ગત તા. ૦૯/૦૭/૨૦૨૩ના રોજ સવારે ૭:૦૦ કલાકે ગર્લ્સ હોસ્ટેલની સામે "ચાલો સૌ સાથે મળીને સુરતને લીલું કરવા ખભે ખભા મિલાવીએ" સૂત્ર સાથે મેગા વૃક્ષારોપણ ડ્રાઈવ કે જેમાં ૧૦૦૦ વૃક્ષારોપણનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું. આ વૃક્ષારોપણ અભિયાનમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા સુરત વાસીઓએ ભાગ લીધો હતો. જેમાં ખૂબ ઉત્સાહથી અલગ–અલગ પ્રકારના ઘણા વૃક્ષો વાવવામાં આવ્યા. પર્યાવરણની જાળવણી કરવી એ આપણી જવાબદારી છે અને એ માટે જ યુનિવર્સિટી સતત વૃક્ષારોપણ કરીને, તેને લોકો માટે એક સુટેવ બનાવે છે કે આપણે સતત વૃક્ષોનું રોપણ કરીને તેનું જતન કરીએ. વૃક્ષો આપણા માટે સુખાકારી, ફળદાયી અને આરોગ્યદાયી છે અને આપણી પૃથ્વીએ તથા યુનિવર્સિટીએ જાણે લીલુંછમ આવરણ ઓઢ્યું હોય ને એવી રળિયામણી લાગશે.



















## સ્ટોક વ્યવસ્થાપન તાલીમનું આયોજન

યુનિવર્સિટી દ્વારા તા. ૮/૭/૨૦૨૩ના રોજ વહીવટી વિભાગના સેનેટ હૉલ ખાતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ વહીવટી કર્મચારીઓ માટે સ્ટોક મેનેજમેન્ટ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, વિભાગીય વડાશ્રીઓ તથા તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા. પરીક્ષા વિભાગના ERP સેલના શ્રી વિરલભાઈ દ્વારા યુનિવર્સિટીમાં ચાલતા સ્ટોકનું વ્યવસ્થાપન કઈ રીતે કરવું તથા સ્ટોક રિસીવ મોડયુલ, ડેડ સ્ટોકની જાળવણી અને સ્ટોકને સંબંધિત તમામ સ્ટોકની વ્યવસ્થા કરવાની પદ્ધતિ વિશે માહિતી આપવામાં આવી હતી.









## પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન એન્ડ સ્લોગન રાઈટીગ કોમ્પિટિશનનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ ૨૦૨૩ અંતર્ગત ભારત સરકારના ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા વોકાથોન એન્ડ ઈટ રાઈટ મિલેટ મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ દિવસે તા. ૨૨ જુલાઈ ૨૦૨૩ના રોજ એક પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન એન્ડ સ્લોગન રાઈટીગ કોમ્પિટિશનનું આયોજન યુનિવર્સિટી કન્વેન્શન હૉલ ખાતે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. જેમાં સુરતની શાળા, કૉલેજો અને યુનિવર્સિટી ભવનના મળીને ૧૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના આયોજનનો હેતુ સ્થાનિક સ્તરે ખેડૂતો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતા બાજરી કે જુવાર જેવાં જાડા અનાજને લોકો વધારે ને વધારે પ્રમાણમાં પોતાના આહારમાં ઉપયોગ કરતા થાય અને તેના પોષણતત્ત્વો વિશે જાગૃત થાય તે છે. બીજા દિવસે તા. ૨૩/૭/૨૦૨૩ના રોજ રંગોળી સ્પર્ધા, વોકથોન એન્ડ ઈટ રાઈટ મિલેટ્સ મેળાનું આયોજન કરી જેમા ૨૫ જેટલા સ્ટોલ અને લાઈવ કાઉન્ટર ગોઠવવામાં આવશે.









## ICC (Internal Complaints Committee) 2023

તા. ૧૦/૮/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ICC (Internal Complaints Committee) 2023ની નિમણૂક કરવામાં આવી. આ કમિટિમાં શૈક્ષણિક કર્મચારી, બિન–શૈક્ષણિક કર્મચારી, NGO તથા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની પ્રથમ મિટિંગ તા. ૧૧/૮/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના વહીવટી વિભાગના સભાખંડમાં માનનીય કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.










**ICC– ૨૦૨૩ કમિટીના સભ્યશ્રીઓ:**

| No. | Name | Designation & Address |
|---|---|---|
| | **Teaching Faculty Representative** | |
| 1 | Dr. Manish Panwala - Presiding Officer | Professor, Department of Business and Industrial Management (DBIM), VNSGU |
| 2 | Mr. Ranjitji Mishraji - Advocate | Advocate, 406, Autograph the Commercial Hub. Nr, Megh Rath Complex, Opp. Rajhans Olympia, Bhatar Road, Surat. |
| 3 | Dr. Bharat Thakor - Member | Assistant Professor, Gujarati, Department, VNSGU |
| 4 | Dr. Preeti Sharma - Member | Assistant Professor, Biotechnology Department, VNSGU |
| | **NGO** | |
| 5 | Mrs. Varshaben Thakkar - Member | Immediat Past President and Trustee of Akhil Hind Mahila Parishad, VNSGU. |
| | **Non-Teaching Faculty Representative** | |
| 6 | Dr. Parulben Patel - Member | I/c. Librarian, University Central Library, VNSGU. |
| 7 | Mr. Vishal J. Dalia - Member | Senior Clerk, Exam Section Commerce Faculty, VNSGU. |
| | **Student Representative** | |
| 8 | Neha S. Jain - Member | Mathemetics Department, VNSGU. |
| 9 | Garima Mukeshbhai Pandya - Member | Department of Comparative Literature, VNSGU |
| 10 | Nikunj Kishorbhai Dekani - Member | Department of Statistice, VNSGU. |

## અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ મિલેટ્સ મેળામાં સ્લોગન રાઈટિંગ સ્પર્ધામાં ઝળકયા







આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષની ઉજવણીના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કન્વેશન હૉલ ખાતે તા. ૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ, ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) તથા મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ "Eat Right Millet Mela"માં મિલેટ્સના વિષય પર આધારિત પ્રશ્નોતરી, પૉસ્ટર મેકિંગ, સ્લોગન રાઈટિંગ, રંગોળી, રેસિપી, પ્રદર્શન જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ સ્લોગન રાઈટિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં અર્થશાસ્ત્ર

વિભાગના એમ.એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કૃણાલ કે. કાલેએ પ્રથમ સ્થાન અને સમાજશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીની સાક્ષી દિનેશપ્રતાપ સિંઘએ તૃતીય સ્થાન મેળવીને તેઓના વિભાગનું અને યુનિવર્સિટીનું નામ રોશન કર્યું હતું. આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી, સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી એમ.એન.ગાયકવાડ તથા તેઓના વિભાગના અધ્યાપકશ્રીઓ તેમજ યુનિવર્સિટી પરિવારવતી હાર્દિક શુભેચ્છાઓ તથા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જે અંગે સમગ્ર અર્થશાસ્ત્ર વિભાગ, સમાજશાસ્ત્ર વિભાગ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી હર્ષની લાગણી અનુભવે છે.

## ઉધના કૉલેજના આચાર્યશ્રી અને તેમની ટીમ દ્વારા "Mental Health of Graduands" સંબંધિત સંશોધન







**સર્વેક્ષણનું તારણ:**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાની પ્રેરણાથી ઉધના કૉલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ અને ઉધના કૉલેજ ટીમ દ્વારા Mental Health of Graduands (સ્નાતકોનં માનસિક સ્વાસ્થ્ય) સંબંધિત સંશોધન કરવામાં આવ્યું. જે સંશોધનમાં યુનિવર્સિટીની પદવી સમારંભમાં ઉપસ્થિત સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રી લેવા આવેલ કોમર્સ, મેનેજમેન્ટ, સાયન્સ , કમ્પ્યૂટર સાયન્સ, આર્ટ્સ અને કાયદો (લો) ક્ષેત્રના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માનસિક સ્વાસ્થયએ વિદ્યાર્થીઓની એકંદર સુખાકારીનું ખૂબ જ નિર્ણાયક પાસું છે. અને તાજેતરના વર્ષોમાં તેના પર નોંધપાત્ર ધ્યાન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના જૂથમાં શૈક્ષણિક દબાણ, નાણાકીય અવરોધો અને વ્યકિતગત પડકારોને કારણે તે એક મુખ્ય મુદ્દો બની ગયો છે. સ્નાતકો તેમની શૈક્ષણિક સફર દરમિયાન સુખ, ઉદાસી, ચિંતા, સંતોષ, એકલતા જેવી ઘણી લાગણીઓમાંથી પસાર થયા છે અને ગુસ્સો, અસ્વીકાર, હતાશા, તણાવ અને ચિંતામાંથી મુકિત મેળવવાનો માર્ગ મળશે.

**સંશોધનના મહત્વના તારણો:**

- આ અભ્યાસનો ઉદ્દેશ સ્નાતકોના માનસિક સ્વાસ્થયના ૩ મહત્વના પાસાઓ મનોવૈજ્ઞાનિક કાર્યવિધિ (Psychological Functioning), સામાજિક યોગ્યતા (Social Competence) અને તાણનો સામનો કરવાની ક્ષમતાની (Stress Coping Ability) આસપાસ મૂલ્યાંકન કરવાનો છે. તેમજ VNSGUની પદવીદાન સમારંભ (માર્ચ–૨૦૨૩) દરમિયાન કોમર્સ, મેનેજમેન્ટ, આર્ટ્સ, સાયન્સ અને લો વિદ્યાશાખાના લગભગ ૧૫૦૦ વિદ્યાર્થીઓએ સર્વેક્ષણમાં ભાગ લીધો છે. યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા સર્વેક્ષણના સહભાગીઓમાંથી ૭૭ ટકા સ્નાતકો 'ઉચિત' (FAIR) માનસિક સ્વાસ્થય ધરાવે છે.
- માત્ર ટકા સ્નાતકો અત્યંત નબળા માનસિક સ્વાસ્થ્યથી પિડાય છે. તેમજ ૪૯ ટકા સ્નાતકો જીવનની કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં અથવા નિર્ણય લેતી વખતે અન્ય લોકો પાસેથી માર્ગદર્શન મેળવવામાં કયારેય અચકાતા નથી. ૫૧ ટકા સ્નાતકોને નિયમિત જીવનમાં અન્ય લોકો સાથે વાતચીત શરૂ કરવામાં કયારેય મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. વિદ્યાર્થીઓના અભિપ્રાય મુજબ ૪૪ ટકા વિદ્યાર્થીઓ અને તેમના પ્રોફેસરો માને છે કે વિદ્યાર્થીઓ પાસે નેતૃત્વ ક્ષમતા નથી. સાથે સાથે ૫૦ ટકા સ્નાતકોને તેમનો સમય કાર્યક્ષમ રીતે સંચાલિત કરવામાં હંમેશા મુશ્કેલી પડે છે.
- ૩૦ ટકા સ્નાતકો માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તેમના પ્રિયજનો તેમના જીવનના નિર્ણયો અને કાર્યોને માન્ય કરે છે.
- ૨૧ ટકા સ્નાતકો કયારેક તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાં પોતાને નુકસાન પહોંચાડવા માંગે છે. ૨૨ ટકા સ્નાતકો પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પેનિક ઍટેકનો અનુભવ કરે છે.
- ૩૧ ટકા સ્નાતકો તેમના જીવન અને કારકિર્દી વિશે અત્યંત આશાવાદી.
- ૨૨ ટકા સ્નાતકો જીવનમાં વારંવાર માથાનો દુખાવો, હાઈપર એસિડિટી અથવા અનિદ્રાનો અનુભવ કરે છે.
- કોમર્સ વિદ્યાશાખાના સ્નાતકોની "મનોવૈજ્ઞાનિક કાર્યવિધિ (Psychological Functioning) મેનેજમેન્ટ વિદ્યાશાખા અને આર્ટ્સ વિદ્યાશાખાના સ્નાતકો કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે.

- કોમર્સ વિદ્યાશાખાના સ્નાતકોમાં મેનેજમેન્ટ વિદ્યાશાખા અને આર્ટ્સ વિદ્યાશાખાના સ્નાતકોની સરખામણીમાં "સામાજિક યોગ્યતા" (Social Competence)નું સ્તર ઓછું હોય છે.
- કોમર્સ વિદ્યાશાખાના સ્નાતકોમાં મેનેજમેન્ટ વિદ્યાશાખા અને આર્ટ્સ વિદ્યાશાખાના સ્નાતકોની સરખામણીમાં તાણનો સામનો કરવાની ક્ષમતાનું (Stress Coping Ability) સ્તર ઓછું હોય છે.
- એકંદર મેનેજમેન્ટ વિદ્યાશાખાના સ્નાતકોનું માનસિક સ્વાસ્થ્ય કોમર્સ વિદ્યાશાખા અને સાયન્સ વિદ્યાશાખાના સ્નાતકો કરતા સારું છે.
- સ્નાતકો એકંદરે માનસિક સ્વાસ્થ્ય (Mental Health) પરજાતિ (Gender), વય (Age), અને આવક જૂથ (Income Group)ની કોઈ નોંધપાત્ર અસર નથી.

જ્યારે આ સંશોધન કરેલા પુસ્તકોનું લોકાર્પણ કરતા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સંશોધન કરવું એ યુનિવર્સિટીનું મુખ્યત્વે કામ છે. શિક્ષકો દ્વારા તે સંશોધન કરાય છે પરંતુ જે વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી જ્યારે સ્નાતકની ડિગ્રી મેળવી છે ત્યારે એક અભિપ્રાયો લઈ અને એનું સંશોધન કરવું જોઈએ. યુનિવર્સિટી વધુમાં વધુ સંશોધન કરી પ્રકાશિત કરે તેવા કાર્ય દ્વારા જે વિદ્યાર્થીઓ અહીથી અભ્યાસ કરીને જાય છે તેઓના અનુભવ પણ તારવવાની જરૂર છે. આવનારા એક વર્ષમાં ૫૭ જેટલા પુસ્તકોનું વિમોચન થાય અને સંશોધન થયા ત્યારે આપણે જાણીશું કે કંઈક સિદ્ધિ મેળવી એમ ગણી શકશે.

## યુનિવર્સિટીમાં સંસ્થાની ઈનોવેશન કાઉન્સિલ (IIC) દ્વારા નિષ્ણાંત લેકચરનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્થાની ઈનોવેશન કાઉન્સિલ (IIC) દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૨૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ (DBIM) ખાતે નિષ્ણાંત લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગીય વડાશ્રી ડૉ. મનિષ સિદ્ધપુરિયા, આઈ.આઈ.સી.ના પ્રેસીડેન્ટ ડૉ. જયદીપ ચૌધરી, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. મુખ્ય વકતા તરીકે ચાર્ટડ એકાઉન્ટશ્રી શુભમ ભંડારી હાજર રહ્યા હતા. સત્રની શરૂઆતમાં શ્રી દેવયાંશી સોલંકીએ આજના વિષય વિશે ટૂંકી માહિતી આપી અને ઈવેન્ટના મુખ્ય વકતાશ્રી શુભમ ભંડારી (ઇન્વેસ્ટમેન્ટ બેન્કિંગ/ પ્રારંભિક તબક્કાના ટેક સ્ટાર્ટ–અપ માટે ભંડોળ ઊભું કરવું, ભૂતપૂર્વ ગ્રાન્ટ થોર્ન્ટન)નો પરિચય કરાવ્યો.

શ્રી શુભમ ભંડારીએ સમજાવ્યું, સૌથી મૂળભૂત અને મહત્વનો પ્રશ્ન એ છે કે, "તમારા સ્ટાર્ટ–અપને કેવી રીતે ભંડોળ આપવું" જો તમારી પાસે તમારા વૉલેટમાં રોકડ ન હોય તો તમે શું કરશો? ફાઈનાન્સિંગ વિકલ્પોની ઝાંખી બિન–ઈક્વિટી ફાઈનાન્સિંગ, સેલ્ફ–ફાઈનાન્સ/બૂટસ્ટ્રેપિંગ, ડેટ/બેંક ફાઈનાન્સિંગ, ઈક્વિટી ફાઈનાન્સિંગ, ઍન્જલ ફાઈનાન્સિંગ, વેન્ચર કૅપિટલ, પ્રાઈવેટ ઈક્વિટી, જાહેર શેર બજારો વિકલ્પોને સમજવું ઉદ્યોગસાહસિક માટે ઉપલબ્ધ વિકલ્પોની સંપૂર્ણ શ્રેણીનું અન્વેષણ કરવું અને સમજવું મહત્વપૂર્ણ છે. સદભાગ્યે, નવી કંપનીઓને ભંડોળ પૂરું પાડવા માટે હજુ પણ વિકલ્પો છે, પરંતુ રોકડ શોધવા અને સુરક્ષિત કરવા માટે સાવચેત સંશોધન, સારી વાટાઘાટોની કુશળતા અને સૌથી ઉપર, તમારો વ્યવસાય શરૂ કરવા માટે સમર્પિત પ્રતિબદ્ધતાની જરૂર પડશે. સ્ટાર્ટ–અપ દ્વારા ભંડોળ ઊભું કરવાના થોડા વિકલ્પો કુટુંબ અને મિત્રો, ક્રાઉડ ફંડિંગ , પ્રિફર્ડ સ્ટોક અને કન્વર્ટિબલ ડેટ, ઍન્જલ ઇન્વેસ્ટમેન્ટ, વેન્ચર કેપિટલ પ્રદાન કરવામાં આવે છે. ભારતમાં સ્ટાર્ટ–અપ માટે ભંડોળ કયાંથી મળશે. વેન્ચર કેપિટલ ઇન્વેસ્ટિંગ શું છે ? VC ઍન્જલ રોકાણ વચ્ચે તફાવત શું છે ? તેના વિશે જણાવ્યું હતું. અંતે તેમણે સહભાગીઓની સમજ ચકાસવા માટે એક નાની ક્વિઝ લીધી, ઘણાએ સચોટ જવાબો આપ્યા.

આ સત્રનું આયોજન સંસ્થાની ઇનોવેશ કાઉન્સિલ, આઈડિયા અને ઈનોવેશન સેલ SSIP તથા ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ (DBIM)ના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. સત્રના સમાપનમાં શ્રી. દેવયાંશી સોલંકીએ વકતાશ્રી શુભમ ભંડારીનો તેમજ ઉપસ્થિત સૌનો આભાર માન્યો.







## University Central Library

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલય ખાતે તા. ૧૮/૭/૨૦૨૩, મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પર્યાવરણની જાળવણીને પ્રોત્સાહન આપવા તથા વૃક્ષારોપણના મહત્વ વિશે જાગૃતિ લાવવાના હેતુથી ગ્રીન કેમ્પસ અભિયાનના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી, The International Association of Lions Club, Suratના સભ્યશ્રીઓ, યુનિવર્સિટીના ઈ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન પટેલ, યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડાશ્રીઓ, ગ્રંથાલયના તમામ કર્મચારીગણ તથા વાચકોએ ઉત્સાહભેર ભાગ લઈ ૫૦થી વધુ વૃક્ષો વાવી તેના ઉછેર અને જાળવણીની પ્રતિજ્ઞા લીધી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમના આ પાવન અવસર પર ગ્રંથાલયના તમામ કર્મચારીગણોએ એક સમાન ગ્રીન કલરના ડ્રેસ કોડ પહેરી, મ્યુઝિક સિસ્ટમની વ્યવસ્થા કરી વક્ષારોપણના ગીતો વગાડી ભરવરસાદમાં વૃક્ષારોપણ કર્યુ હતું. જે એક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જેની માન. કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ નોંધ લઈ ખૂબ પ્રશંસા કરી શુભેચ્છાઓ પાઠવી હતી. યુનિવર્સિટીના ઈ.ચા. ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન પટેલે આ પ્રસંગે ખૂશી વ્યકત કરતા જણાવ્યું હતું કે, પર્યાવરણીય જાગૃતિ અને જાળવણીને પ્રોત્સાહન આપવા માટેની આ પહેલ મહત્વની ભૂમિકા ભજવે છે, તેમજ પર્યાવરણ સંરક્ષણના મૂલ્યો પર ભાર મૂકી તેમણે જાહેર જનતા તથા વિદ્યાર્થીઓને આ દિશામાં સતત પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન પટેલના માર્ગદર્શન હેઠળ ટેકનિકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશભાઈ ટોપીવાલા તથા જુ. લાઈબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પિન્ટુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે પ્રકૃતિ જાણવણીની પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્રગાન કરી રાષ્ટ્રીય જયઘોષ સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.





















**Department of Physics**

## ભૌતિકશાસ્ત્ર વિભાગના અઘ્યક્ષ પ્રો.કે.સી.પોરિયાએ રાષ્ટ્રીય સેમીનારમાં પોતાના સંશોધનપત્રો રજૂ કર્યા





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ તથા સિન્ડિકેટ સભ્ય પ્રો. કિશોરભાઈ પોરિયાએ અલગપ્પા યુનિવર્સિટી તા. ૨૧ થી ૨૩ જૂન, ૨૦૨૩ દરમ્યાન યોજાયેલ ૨૫મો નેશનલ સેમીનાર ઓન ક્રીસ્ટલગ્રોથ અને એપ્લિકેશનમાં પોતાનાં બે સંશોધન પત્રો રજૂ કર્યા હતાં. આ સેમીનારનું આયોજન ઈન્ડીયન એસોસિયેશન ઓફ ક્રીસ્ટલગ્રોથ (આઈ.એ.સી.જે.) અને અન્ના યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ હતો. પ્રો. કે.સી.પોરિયા આ મંડળનાં આજીવન સભ્ય પણ છે. આ મંડળનાં સંસ્થાપક સભ્ય અને પ્રમુખ ૮૫ વર્ષીય પ્રો.પી. રામાસ્વામી કે જેઓ દક્ષિણ ભારતમાં ક્રીસ્ટલગ્રોથનાં પિતામહ ગણાય છે. તેઓ અને તેમના અનેક સંશોધનકર્તા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય અને આંતરરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાયેલ વિદ્યાર્થીઓ હતા. ભૌતિકશાસ્ત્ર વિભાગ અન્ના યુનિવર્સિટીનાં અધ્યક્ષ એસ. સંકર નારાયણ અને પ્રો. રામાસ્વામી દ્વારા એક ક્રીસ્ટલ ગ્રોથ માટેની મેથડ SR મેથડનું સંશોધન કરવામાં આવે છે. જેનો ઉપયોગ અનેક પ્રકારનાં ક્રીસ્ટલ મેળવવા માટે થાય છે. હાલ સમગ્ર ભારત અને આંતરરાષ્ટ્રીય કક્ષાઓ આ ક્ષેત્રમાં થતાં સંશોધનો અંગેની બૃહદચર્ચા કરવામાં આવેલ હતી. અલગપ્પા યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. જી. રવિ. અને ભારતનાં એક માત્ર ક્રીસ્ટલગ્રોથ સેન્ટર, અન્ના યુનિવર્સિટીના પૂર્વ ડાયરેકટર પ્રો.જયવલ, હાલનાં ડાયરેકટર પ્રો. મૂર્થિવાળુ, મંડળનાં સેક્રેટરી સેન્થિસ પાંડીયન અને અન્ય સંશોધનકર્તાઓ સાથે પ્રો.કે.સી. પોરિયાએ આ વિષય માટેનું ગહન ચિંતન કર્યુ હતું અને એકબીજા સાથે જ્ઞાનની આપ–લે કરી હતી. પ્રો. પોરિયાએ દક્ષિણ ભારતની વિવિધ યુનિવર્સિટીઓ તથા લાયોલા કૉલેજનાં સંશોધનકર્તાઓ સાથે અંગત સંબંધો ધરાવવા ઉપરાંત ઘણાં પીએચ.ડી. થીસીસ માટે બાહ્ય રેફરી તરીકે પણ કામગીરી કરેલ છે. જે બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ અભિનંદન પાઠવ્યા હતા..

## ભૌતિકશાસ્ત્ર વિભાગના અઘ્યક્ષ પ્રો.કે.સી.પોરીયાએ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પોતાનું સંશોધનપત્ર રજૂ કરી એવોર્ડ મેળવ્યો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેનાં ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ તથા સિન્ડીકેટ સભ્ય પ્રો. કિશોરભાઈ પોરિયાએ મદ્રાસ યુનિવર્સિટી ખાતે તા. ૨૬ થી ૨૮ જૂન, ૨૦૨૩ દરમ્યાન યોજાયેલ ત્રીજા "ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑન રીસેન્ટ ટ્રેન્ડસ ઈન એનાલીટીકલ કેમેસ્ટ્રી (આઈકોરોટેક–૨૦૨૩)" મા સક્રિય ભાગીદારી લઈ પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા અને શ્રેષ્ઠ પેપર પ્રેઝેન્ટેશનમાં એવોર્ડ પણ જીત્યા હતાં. આ કોન્ફોરન્સ રોયલ સોસાયટી – સાઉથ ઈન્ડિયા સેકશન એસ.એસ.સી.એસ.સી., આઈ.એ. એ.એસ., આઈ.બી.એ.એ. જેવા ખ્યાતનામ સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે યોજવામાં આવી હતી. જેમાં ભારત, અમેરીકા, જાપાન, ચીન, તાઈવાન, જેવા અનેક દેશોનાં સંશોધનકર્તા દ્વારા ઓનલાઈન/ઓફલાઈન પેઝેન્ટેશન કરવામાં આવ્યાં હતાં. જેમાં પ્રો.કે.સી.પોરિયા દ્વારા રજૂ કરવામાં આવેલ પેપરમાં અનેક પ્રશ્નોત્તરી કરવામાં આવેલ હતી અને મર્યાદિત સાધનો અને મર્યાદિત બજેટમાં શ્રેષ્ઠ સંશોધન કાર્ય કઈ રીતે થઈ શકયુ ? અને તેઓ દ્વારા વિકસિત કરવામાં આવેલ ઓરગેનીક અને મેટલો ઓરગેનીક થાયોઝૂરિયા ક્રીસ્ટલ અને મેટલ કોષ્ઠ થાયોઝૂરિયા ક્રીસ્ટલ, ક્રીસ્ટલ કવોલિટી અને તેમની વિશાળ એપ્લિકેશન અંગેની રજૂઆતથી રેફરીઓ પ્રભાવિત થયા હતા. અને તેઓને શ્રેષ્ઠ પ્રેઝેન્ટેશન માટેના પ્રો. એલ. રાજેશ્વરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ કૉન્ફરન્સ ઉપરાંત પ્રો. પોરિયા દ્વારા અન્ના યુનિવર્સિટી ખાતે આવેલ ક્રીસ્ટલગ્રોથ સેન્ટર, મદ્રાસ યુનિવર્સિટી ખાતેનાં ભૌતિકશાસ્ત્ર વિભાગ, બાયોફીઝીકસ અને ક્રીસ્ટલોગ્રાફી વિભાગ, ન્યુકિલયસ ભૌતિકશાસ્ત્ર વિભાગ અને થિયરોટીકલ ભૌતિકશાસ્ત્ર વિભાગ તથા મટીરિયલ સાયન્સ વિભાગોની જાતે મુલાકાત

હતી. આ વિષયો આપણાં ભૌતિકશાસ્ત્ર વિભાગ હાલ મુખ્ય વિષયો તરીકે લીધેલ જણાવવામાં આવે છે. આ મુલાકાતથી વિભાગને નવી દિશામાં વિચાર કરવાની તક પ્રાપ્ત થઈ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોએ પ્રો.કે.સી.પોરિયાને શુભકામનાઓ પાઠવી હતી.

## પ્રો.વિભુતિભાઈ જી. જોષીનો પ્રેરણાદાયી નિવૃત્તિ કાર્યક્રમ

ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રો.વિભુતિભાઈ જી. જોષી કે જેમણે ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ૩૭ વર્ષ સુધી સદઢ અને સંનિષ્ઠ સેવા આપી અને તેઓ વયમર્યાદાનાં કારણે નિવૃત થતા હોવાથી તેમની સેવાને બિરદાવવા માટે તા. ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ વિદાયમાન સમારંભ યોજવામાં આવ્યો હતો. તેઓની વિદ્યાર્થીકાળથી સેવાકાળ સુધી સાથે રહેતા તેમના જુનિયર અને હાલ વિભાગનાં અધ્યક્ષ પ્રો. કિશોરભાઈ પોરિયાએ પ્રો.વી.જી.જોષી સાથેનાં સંસ્મરણો વાગોળ્યા હતાં અને તેઓ ઘણું ઘણું શિખ્યા અને મિત્ર અને માર્ગદર્શક તરીકેની મળેલી હૂંફને ભાવવિભોર રીતે વર્ણવી હતી. પ્રો. જોષીનાં વિદ્યાર્થી અને હાલ વિભાગમાં એસોસીએટ પ્રો. જિતેન્દ્ર ઘીમરે પોતાના વિકાસમાં ગરુ અને સાથી અધ્યાપક તરીકે મળેલ માર્ગદર્શન અને સનિષ્ઠતાનાં પાઠ અને સતત વિભાગનાં વિકાસમાં સાક્ષી અને સહયોગી થવા માટેની શીખ હૃદયનાં ભાવ સાથે વ્યક્ત કર્યા હતાં. અન્ય અધ્યાપકો પ્રો.પટેલ, પ્રો. મોદી, પ્રો. ઠાકોરે પોતાનાં સંસ્મરણો યાદ કર્યા હતાં. પ્રો. વિભૂતિભાઈ જોષી દ્વારા વિભાગને પબ્લિક એડ્રેસ સિસ્ટમ ભેટ તરીકે આપેલ હતી. જે પ્રેરણાદાયી વિચાર નવા ચીલો ચીતરનાર સાબિત થશે.

## Department of Aquatic Biology

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોના ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વાકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેક્ટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગ્રીન કેમ્પસ અંતર્ગત યુનિવર્સિટીના પ્રાંગણમાં જળચર જીવવિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૧૦/૦૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગીય વડા ડૉ. કપિલાબેન મનોજની આગેવાની હેઠળ વિભાગના તમામ સ્ટાફના મિત્રો તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ જુદા જુદા પ્રકારના રોપા જળચર જીવવિજ્ઞાન વિભાગ ખાતે રોપવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ વિભાગમાં કેરી, આંબો, જાંબુ, સરગવો, કેસુડા, જાસુદ,ગુલાબ, સૂર્યમુખી, ચંપા જેવા વિવિધ પ્રકારના વૃક્ષોનો ખૂબ જ સારી રીતે ઉછેર થયેલ છે અને આ વધારાના વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવ્યું હતું.







## Department of Sociology

### યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ઈન્ડકશન પ્રોગ્રામ કાર્યક્રમ

તા. ૧૧/૭/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતાં M.S.W. પ્રોગ્રામ ૨૦૨૩–૨૪માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઈન્ડકશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ સિન્ડિકેટ સભ્યશ્રી વિમલ શાહ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમની પરંપરાગત રીતે દીપ–પ્રાગટય તથા પ્રાર્થનાગીત દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કરતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામનાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત કરી મુખ્ય મહેમાનોને પુસ્તક તથા પુષ્પગુચ્છ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં વિભાગમાં જોડાયેલ નવા વિદ્યાર્થીઓને પ્રોગ્રામની માહિતી આપી ડૉ. બહાદૂરસિંહ વસાવા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. અરુણ પંડયા દ્વારા યુનિવર્સિટી તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી, જેમાં વિભાગનાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ તથા સેવક કર્મચારીશ્રીઓ વિશે તથા તેમની કામગીરી વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. એમ.એન. ગાયકવાડ દ્વારા પોતાનાં વકતવ્યમાં સમાજશાસ્ત્ર વિભાગ, એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ તથા વિષય અંતર્ગત માર્ગદર્શન પૂરું પાડયું હતું. ડૉ. એમ.એન.ગાયકવાડ દ્વારા સમાજશાસ્ત્ર સાથે જોડાયેલ મહાન સમાજશાસ્ત્રીઓ તથા તેમણે લખેલા પુસ્તકો વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ સમાજકાર્ય વિશેનું ભૌતિક માળખું સમજાવ્યું હતું, ચર્ચાને આગળ વધારતા વિદ્યાર્થીઓને વિષય પસંદગી, સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રાપ્ત થતું પારિતોષિક તથા વિભાગ ખાતે થતી ઈત્તર પ્રવૃત્તિઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ વધારતા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા સિન્ડિકેટ સભ્યશ્રી વિમલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું વકતવ્ય રજૂ કર્યુ હતું અને એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં પ્રવેશ બદલ શુભકામનાઓ પાઠવી હતી. વિભાગનાં અલગ અલગ પાસાઓની માહિતી આપવા જે તે કામગીરીનાં કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રગીત જન ગન મન ગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરતા વિદ્યાર્થી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી વિમલ શાહ, વિભાગનાં અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ, વિભાગનાં અન્ય અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની મંજૂરી માટે યુનિવર્સિટીનાં સેનેટ અને સિન્ડિકેટ સભ્યશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.





















## ઈન્ડકશન પ્રોગ્રામ કાર્યક્રમ

તા. ૧૪–૦૭–૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સમાજશાસ્ત્ર ૨૦૨૩–૨૪માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઈન્ડકશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય તથા આદિવાસી બોલીમાં પ્રાર્થના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એ. સમાજશાસ્ત્ર પ્રોગ્રામમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ દ્વારા નવોદિત વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. સાથે સમાજશાસ્ત્ર વિભાગ વિષે માર્ગદર્શન પૂરું પાડયું હતું. ત્યારબાદ વિભાગનાં અધ્યાપક ડૉ. અરુણ પંડયા દ્વારા યુનિવર્સિટીની સુવિધા તથા સમાજશાસ્ત્ર વિષે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. ત્યારબાદ ડૉ. મોસમ ત્રિવેદીએ સમાજશાસ્ત્ર વિભાગનું ભૌતિક માળખું અને વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિ વિષે સમજ આપી હતી. કાર્યક્રમને આગળ વધારતા વિદ્યાર્થીઓને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રાપ્ત થતું પારિતોષિક તથા વિભાગ ખાતે થતી ઈત્તર પ્રવૃત્તિઓ વિષે પણ ચર્ચા કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું વકતવ્ય રજૂ કર્યું હતું. તથા એમ.એ. સમાજશાસ્ત્ર કરતાં વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રવેશ બદલ શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમને જીવંત બનાવતા વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી લોકગીત રજૂ કરવામાં આવેલ હતું. અંતમાં રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.







## Department of Chemistry

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોના ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેકટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) અંતર્ગત રસાયણશાસ્ત્ર વિભાગના પ્રાંગણમાં રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૯/૦૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, રસાયણશાસ્ત્રના અધ્યાપકશ્રીઓ, અન્ય વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વિભાગના વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ જુદાં જુદાં પ્રકારના રોપા રસાયણશાસ્ત્ર વિભાગ પરિસર ખાતે રોપવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા સતત વૃક્ષારોપણના કાર્યક્રમના ભાગરૂપે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.










## Department of Economics

### ગુરુપૂર્ણિમાં દિવસની ઉજવણી

તા. ૩/૭/૨૦૨૩ને સોમવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમેસ્ટર ૧ અને ૩નાં વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા દિવસ નિમિત્તે તમામ ગુરુજનોનાં સન્માન અર્થે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય પરંપરાગત સંસ્કૃતિ મુજબ વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપકોનું પૂંજન કરી ગુરુ પૂર્ણિમાનાં દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તથા પ્રાધ્યાપક ડૉ. મનિષ આર. પટેલ, ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. દિલીપ ચૌધરી, ડૉ. રાકેશ મકવાણા, શ્રી મેરાભાઈ જમોડ, શ્રી તૃપ્તિબેન ચાવડા, શ્રી સ્મિતાબેન નાઈક, ડૉ. કિંજલબા ચુડાસમા અને શ્રી વૈશાલીબેન ખારવાનું પુષ્પ આપીને પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગનાં અન્ય વહીવટી અને સહાયક કર્મચારીગણનું પણ પુષ્પ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ગુરુપૂર્ણિમા દિવસ નિમિત્તે શ્રેષ્ઠ ગુરુ અને શિષ્યનાં સંબંધ વિષે ચર્ચા કરી વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા દરેક વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમા દિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતે વિદ્યાર્થીઓએ ગુરુ વિષે વકતવ્ય રજૂ કર્યું અને આભારવિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એ. સેમેસ્ટર–૩ના શનિ મકવાણા, રોહિત મહાજન, પ્રાચી પટેલ, નિધિ કાપડિયા, હેતાક્ષી મકવાણા અને જૈનિશ સિંહ વિદ્યાર્થીઓએ કર્યું હતું.













## ક્વિઝ સ્પર્ધામાં સિદ્ધિ

તા. ૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ 6th GST દિવસ નિમિત્તે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની પ્રેરક ઉપસ્થિતિ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન તમામ કૉલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં એમ.એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હેતાક્ષી વરિયા, નિધિ કાપડીયા, રચિત સરવૈયા, પ્રાચી પટેલ, કરણ ગૌસ્વામી, શનિ મકવાણા, શંકર ધનગરએ એક ટીમ તરીકે ભાગ લીધો હતો અને ભાગ લેવા બદલ ટ્રોફી અને પ્રમાણપત્ર પણ મેળવ્યાં હતાં. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. પ્રસ્તુત ક્વિઝ કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓનાં માર્ગદર્શન માટે વિભાગનાં પ્રાધ્યાપક શ્રી વૈશાલીબેન ખારવા હાજર રહ્યાં હતાં. આ સ્પર્ધાની સંપૂર્ણ કામગીરી વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ રામીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

















## પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ

તા. ૭/૭/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. ૨૦૨૩–૨૪માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય તથા યુનિવર્સિટીનાં ગીત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કરતા ડૉ. મનિષ આર. પટેલ દ્વારા અતિથિશ્રીઓ અને વિદ્યાર્થીઓનાં સ્વાગત કરી મુખ્ય મહેમાનોને પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવી. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં વિભાગમાં જોડાયેલ નવા અધ્યાપકશ્રીઓનાં સન્માન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં હસ્તકે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું વકતવ્ય રજૂ કર્યુ હતું અને એમ.એ.માં પ્રવેશ બદલ શુભકામનાઓ પાઠવી હતી.

ત્યારબાદ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગ તથા વિષય અંતર્ગત માર્ગદર્શન પૂરું પાડયું હતું. ડૉ. ગૌરાંગ ડી. રામીએ અર્થશાસ્ત્ર સાથે જોડાયેલ મહાન અર્થશાસ્ત્રીઓ તથા તેમણે લખેલા પુસ્તકો વિશે ચર્ચા કરી હતી. ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા યુનિવર્સિટી તથા અર્થશાસ્ત્ર વિભાગ વિશે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. જેમાં વિભાગનાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, તથા સેવક કર્મચારી વિશે તથા તેમની કામગીરી વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનું ભૌતિક માળખું સમજાવ્યું હતું. ચર્ચાને આગળ વધારતા વિદ્યાર્થીઓને વિષય પસંદગી, સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રાપ્ત થતું પારિતોષિક તથા વિભાગ ખાતે થતી ઈત્તર પ્રવૃતિઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. વિભાગનાં અલગ અલગ પાસાઓની માહિતી આપવા જે તે કામગીરીનાં કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓનાં વહીવટી કામગીરી અંગેની માહિતી વિભાગના વહીવટી સહાયકશ્રી નિરજભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી. ત્યારબાદ કમ્પ્યૂટર લેબ વિશે વિભાગનાં લેબોરેટરી સહાયકશ્રી નિધિબેન પંચાલ દ્વારા માહિતી આપવામાં આવી હતી. આગળ ગ્રંથાલય વિશે ગ્રંથપાલશ્રી પ્રજ્ઞાબેન ધાધલ દ્વારા માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ કરતા ડૉ. મનિષ આર. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના, વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમ હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની મંજુરી માટે યુનિવર્સિટીનાં સેનેટ સિન્ડીકેટ સભ્યશ્રીઓને આભાર વ્યકત કર્યો હતો.
















## "ArthA" અનાવરણ કાર્યક્રમ

તા. ૭ જુલાઈ, ૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ અર્થશાસ્ત્ર વિભાગનાં e-News Letter "ArthA" ના અનાવરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રસ્તુત અનાવરણ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.

ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. "ArthA" અનાવરણ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં હસ્તક કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત e-News Letter "ArthA" માં અર્થશાસ્ત્ર વિભાગમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ, સિદ્ધિ (વર્ષ: ૨૦૨૨–૨૩) તથા વિભાગનો પરિચય આપતી તમામ માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.






## નિબંધ સ્પર્ધા

તા. ૧૧/૭/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રસ્તુત નિબંધ સ્પર્ધાનાં વિષય વસ્તીનું વળતર, વસ્તી અને શિક્ષણ હતા. નિબંધ સ્પર્ધામાં એમ.એ.સેમ ૧ અને ૩નાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને નિબંધ લખવા માટે એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ફાઈન આર્ટ્સ વિભાગમાંથી જેનીશ વાઘને આમંત્રિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને એકથી ત્રણ ક્રમ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.







## વક્તૃત્વ સ્પર્ધા

તા. ૧૧/૭/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામીનાં માર્ગદર્શન હેઠળ "વિશ્વ વસ્તી દિવસ" નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલનશ્રી મેરાભાઈ જમોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટયથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મુખ્ય અતિથિ ડૉ. કિશોરસિંહ ચાવડાનું સ્વાગત પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. તથા વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ઉપસ્થિત ડૉ.તૃપ્તિબેન ચાવડા, ડૉ. દિલીપભાઈ ચૌધરી અને શ્રી પ્રજ્ઞાબેન ધાધલનું પણ પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસ્તુત 'વિશ્વ વસ્તી દિવસ' કાર્યક્રમનાં તથા તેના આયોજન વિષે ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓને પોતાનાં વકતવ્યથી પ્રોત્સાહિત કર્યા હતા. પ્રસ્તુત વકૃત્વ સ્પર્ધાનાં વિષય વસ્તીનું વળતર અને આર્થિક વિકાસ, વસ્તી આર્શીવાદ કે અભિષાપ, વસ્તી અને ભારતની આર્થિક સમસ્યા અને પ્રસ્તુત વિષયનાં અનુસંધાનમાં વિદ્યાર્થી પોતાનો મનપસંદ વિષય પર વકતવ્ય રજૂ કર્યુ હતું. વક્તૃત્વ સ્પર્ધામાં એમ.એ.સેમે ૧ અને ૩નાં કુલ ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક ભાગ લીધેલા વિદ્યાર્થીઓનાં વકતવ્યની રજૂઆત પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને એકથી ત્રણ ક્રમ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. જેમાં પ્રથમ ક્રમ એમ.એ. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી યશસ્વી પટેલ, બીજા ક્રમે એમ.એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી પ્રાચી પટેલ તથા ત્રીજા ક્રમે એમ.એ. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી આરતી હીરપરાને આપવામાં આવ્યો હતો.

















## પોસ્ટર મેકિંગ સ્પર્ધા

તા. ૧૧/૭/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા 'વિશ્વ વસ્તી દિવસ'નાં સંદર્ભમાં જુદાં જુદાં પોસ્ટર તૈયાર કરવામાં આવ્યાં હતાં, જેમાં એમ.એ. સેમેસ્ટર ૧ અને ૩નાં કુલ ૯ વિદ્યાર્થીઓએ પોતાની કળાનું પ્રદર્શન કર્યું હતું. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ફાઈન આર્ટ્સ વિભાગનાં શ્રી જેનીશ વાઘ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓનું મનોબળ વધારવા માટે એકથી ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમ પર એમ.એ. સેમેસ્ટર ૧માં અભ્યાસ કરતી વૈનીશા પટેલ, બીજા ક્રમ પર એમ.એ.સેમેસ્ટર ૩ની વિદ્યાર્થીની નિધિ કાપડિયા તથા ત્રીજા ક્રમે બે વિદ્યાર્થીને આપવામાં આવ્યો હતો. કિંજલ કલસરિયા તથા એ ટીમ તરીકે ભાગ લીધેલ વિદ્યાર્થીની વંદના સોડવાડિયા અને આરતી હીરપરાને આપવામાં આવ્યો હતો.






## Inaugration Ceremony of Certificate Course

તા. ૨૪/૭/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન અને પ્રયાસ દ્વારા વિદ્યાર્થીઓ માટે "Certificate Course on Technical Analysis in Stock Market in Cash and Positional Stock"ના અનાવરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું સ્વાગત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું, પ્રસ્તુત કોર્સનાં માર્ગદર્શક ડૉ. તેજશ શાહ જેઓ અંબાબા કોમર્સ કૉલેજ, સાબરગામ, સુરતમાં સહાયક અધ્યાપક છે તેઓનું સ્વાગત મનિષ આર. પટેલ દ્વારા પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું, ડૉ. ગૌરાંગ ડી. રામીનું સ્વાગત શ્રી નિધિબેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોમર્સ વિભાગનાં કો–ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુની ઠક્કરનું સ્વાગત શ્રી પ્રજ્ઞાબેન ધાધલ દ્વારા પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા પ્રસ્તુત કોર્સ વિષે પ્રાથમિક માહિતી અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. કોર્સમાં પ્રવેશ મેળવવા તથા તેમાંથી શીખીને રોકાણ કરીને અને નફો મેળવીને તે નફાની રકમનો ઉપયોગ સમાજ કલ્યાણમાં કરે તેવી શુભેચ્છાઓ આપી હતી. તે ઉપરાંત પ્રસ્તુત કોર્સની શરૂઆત માટે જે પણ વહીવટી કામગીરી અને મંજૂરી મેળવવામાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને સિન્ડિકેટ–સેનેટ સભ્યનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમનાં આયોજન પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પોતાનાં આશીર્વચન આપતાં "National Education Policy 2020" અંતર્ગત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ૫૩૭ જેટલા સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યા, તે અંગે આનંદની અનુભૂતિ વ્યકત કરી હતી. ડૉ. તેજશ શાહ દ્વારા પ્રસ્તુત કોર્સ અંગે વિસ્તૃત સમજ પૂરી પાડી હતી. સેશન પૂરું થતા વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આભારવિધિ ડૉ. મનિષ આર.પટેલ દ્વારા કરવામાં આવી.
































## લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ ઓરિએન્ટેશન પ્રોગ્રામ

તા. ૨૧/૦૭/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી અને કો–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાસિયાનાં માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક/અધ્યાપિકા અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં M.L.I.Sc.માં અભ્યાસ કરતા કેવિન સોલંકીએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિગણ તથા અધ્યાપકગણનું સ્વાગત પુષ્પ આપીને કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું સ્વાગત ડૉ. ગૌરાંગ ડી. રામીએ પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કર્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વિભાગ અને કોર્સ અંગેનો વિસ્તૃત પરિચય ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આપવામાં આવ્યો.ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. ગૌરાંગ ડી.રામી દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા જેમાં તેમના પોતાના ગ્રંથાલય અને પુસ્તક સાથેનાં અનુભવ, વિવિધ પ્રકારનાં ગ્રંથાલય અને એક સારો ગ્રંથપાલ બનવા અંગે માર્ગદર્શન અને વિવિધ કાર્યક્રમ તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમનાં અંતે M.L.I.Sc.ની વિદ્યાર્થીની જાગૃતિબેન વાંસિયા દ્વારા પોતાનાં અનુભવો પ્રગટ કરી નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ M.L.I.Sc.ની વિદ્યાર્થીની માનસી ઢીમ્મરે આભારવિધિ દ્વારા કુલપતિશ્રી, વિભાગીય અધ્યક્ષશ્રી, અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## Seminar on " Enhancing English Language Proficiency"

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં તા. ૨૦/૦૭/૨૦૨૩નાં રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ તથા અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા એમ.એમ. સેમેસ્ટર–૧ અને ૩નાં વિદ્યાર્થીઓ માટે "Enhancing English Language Proficiency" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામી દ્વારા મુખ્ય વકતા ડૉ. સુનીલ શાહનું સ્વાગત પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું, પરિચય આપતા તેઓ આપવામાં આવ્યો કે જેઓ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે, ત્યારબાદ ડૉ. સુનીલ શાહે "Enhancing English Language Proficiency" વિષય પર વિદ્યાર્થીઓ સમક્ષ ચર્ચા કરી હતી. જેમાં અંગ્રેજી કઈ રીતે શીખી શકાય તે વિષે જણાવ્યું. અંગ્રેજી બોલવા માટે સૌપ્રથમ સાંભળવાનું લખવાનું અને ત્યારબાદ બોલવાનું જેવા પગથિયા જણાવ્યા હતા. વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલવામાં આવતી મુશ્કેલીઓ વિષે અને બોલની સમસ્યાનાં ઉપાય માટે શું કરવું જોઈએ ? તે વિષે પણ ચર્ચા કરી હતી. અંતે વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલવામાં ખચકાટ અનુભવ્યા વિના આત્મવિશ્વાસ રાખીને બોલવાનો પ્રયાસ કરવા માટેનું સૂચન પણ આપ્યુ હતું. કાર્યક્રમની સમાપ્તિએ એમ.એ. સેમ–૩માં અભ્યાસ કરતા કુશ તંબોલીએ પ્રસ્તુત સેમિનારનું આયોજન કરવા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવા વિભાગનાં અધ્યક્ષ તથા મુખ્ય વકતા ડૉ. સુનીલ શાહનો આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત સેમિનારમાં એમ.એ. સેમેસ્ટર ૧ અને ૩માં અભ્યાસ કરતા ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.











## વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં તા. ૨૦/૦૭/૨૦૨૩નાં રોજ અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી હાજર રહ્યા હતા. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારી તથા તમામ વિદ્યાર્થીઓ દ્વારા સાથે મળીને વૃક્ષોનું રોપણ અને જતન કરવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી. ભારતીય મૂળનાં મોટાભાગનાં ફળફળાદી તેમજ બિન–ફળફળાદી એમ કુલ ૫૧ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું.
















## Department of Mathematics

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોનો ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના મહત્વકાંક્ષી પ્રોજેકટ ગ્રીન કેમ્પસ અંતર્ગત યુનિવર્સિટીના પ્રાંગણમાં ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૦૭/૦૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ડી.સી.જોષીની આગેવાની હેઠળ તમામ અધ્યાપકશ્રીઓ, વિભાગનાં તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ૩૦૦થી વધુ વિવિધ પ્રકારના રોપા સાયન્સ બિલ્ડીગના આગળના ભાગે રોપવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની હાજરીમાં સંપૂર્ણ વૃક્ષારોપણ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.







## ઇ-ન્યૂઝલેટર 'પરિણામ' અને 'આર્ટ કલબ'ની શરૂઆત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રિ વિભાગ દ્વારા તા. ૨૨/૭/૨૦૨૩ના રોજ "Pi-approximation day"ની ઉજવણી નિમિત્તે વિભાગના ઇ-ન્યૂઝલેટર 'પરિણામ'નું અનાવરણ તથા 'આર્ટ કલબ'નું ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અતિથિ વિશેષ તરીકે ગુજરાતના જાણીતા ગણિતજ્ઞ ડૉ.એન.એન.રાઘોલિયા તથા ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા અને સિન્ડિકેટ સભ્ય ડૉ. કે.સી.પોરિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરી વિભાગીય વડા ડૉ. ડી.સી.જોષીએ મહેમાનોને આવકાર્યા હતા. મુખ્ય સંપાદક તરીકે ડૉ. ડી.વી.શાહે ઈ-ન્યૂઝલેટર પરિણામ વિશેની માહિતી તેમજ ઉપયોગિતાની જાણકારી આપી હતી. વિભાગમાં આર્ટકલબ શરૂ કરવાનો હેતુ સેક્રેટરી ડૉ.માનસી મહેતાએ જણાવ્યો હતો. ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રીએ Pi-approximationએ ગણિત અને ભૌતિકશાસ્ત્ર માટે ખૂબ જ જરૂરી હોવાનું જણાવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તેમના પ્રમુખીય ઉદ્‌બોધનમાં વિભાગને શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીઓને વિવિભ ક્ષેત્રોમાં વિકાસની તકો ઝડપી લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ અતિથિ વિશેષ એન.એન.રાઘોલિયાએ તેમની રસિક શૈલીમાં સમારંભને ઉદ્‌બોધિત કર્યુ હતું. ત્યારબાદ મહાનુભાવો દ્વારા ઇ-ન્યૂઝલેટર 'પરિણામ' અનાવરણ અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ કલાત્મક નમૂનાઓના પ્રદર્શનને ખુલ્લું મૂકી આર્ટ કલબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને અંતમાં ડૉ. પ્રીતિ ટંડેલ દ્વારા મહેમાનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ઊર્મિ ગોસ્વામીએ કર્યુ હતું.









## Department of Journalism

### વેબસાઈટ પર ન્યૂઝ કેટેગરીની શરૂઆત

તા. ૯ જુલાઈ, ૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના નેતૃત્વ હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોર, ફેકલ્ટી ડૉ. કિરણ મિત્તલ, નિલય પુરાણીક અને બિન્ની પટેલ અને મનોજ પટેલની ટીમ દ્વારા વેબસાઈટ પર એક નવી ન્યૂઝ કેટેગરીની શરૂઆત કરવામાં આવી છે. આ પહેલ થકી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સૌને જણાવવા માંગે છે કે, આ કેટેગરી દ્વારા આપ દરેક માહિતી જે વિદ્યાર્થીઓ માટે આવશ્યક જાણકારીઓ, યુનિવર્સિટી દ્વારા શિક્ષણ માટે લેવાતા નિર્ણયો વગેરે વિશેની તમામ જરૂરી માહિતી મેળવી શકશો. સાથે જ યુનિવર્સિટી તેમજ તેને સંલગ્ન કૉલેજમાં સમય સમય પર વિદ્યાર્થીઓની સાથે કે તેમના સર્વાંગી વિકાસ માટે જે કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. તેની સાચી અને અધિકૃત જાણકારી તમને તાત્કાલિક મળી શકે એ ઉદ્દેશ્યની સાથે આ કેટેગરીની શરૂઆત કરવામાં આવી રહી છે. તમે તમારી આવશ્યકતા અનુસાર તેને પોતાના માટે ડાઉનલોડ કરી શકો છો અને બીજાને પણ આ સાચી અધિકૃત માહિતી ઉપલબ્ધ કરાવી શકો છો. આ કુલપતિશ્રીના ખાસ મેસેજની સાથે ન્યૂઝ પોસ્ટ કરવામાં આવી છે.




### 'સંપાદક સાથે સંવાદ' કાર્યક્રમનું આયોજન

ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા તા. ૧૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ 'સંપાદક સાથે સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સમાચારપત્ર રાજસ્થાન પત્રિકાના સંપાદક શ્રી પ્રદીપ જોશીએ વિદ્યાર્થીઓ સાથે પત્રકારત્વને લઈને ચર્ચા કરી હતી. વર્તમાન સમયમાં પત્રકારત્વની યોગ્યતા અને તેના ચેલેન્જ બાબત, પત્રકાર અને તેની ભૂમિકા, પત્રકારત્વના નૈતિક મૂલ્યો વગેરે જેવા વિષયો પર ખાસ સંવાદ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોર, જી–૨૦ કો–ઓર્ડિનેટર ડૉ કિરણ મિત્તલ, અધ્યાપકો અને વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ અંગે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સમસ્યાઓને વાચા આપીને આંતર રાષ્ટ્રીય સ્તરે જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું કાર્ય તેમજ વર્તમાન યોજનાઓને પણ સ્થાનિક લોકો સુધી પહોંચાડવાનું કાર્ય તેમજ સામાન્યથી સામાન્ય લોકોની સમસ્યાને વાચા આપી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય રાજસ્થાન પત્રિકાના ઈમાનદાર સંપાદક પ્રદીપભાઈ જોશીએ કર્યું છે. વર્ષ ૨૦૨૦માં અહીં આવ્યા બાદ અનેક નવા કોર્સ અમલમાં મૂકયા છે. આજે પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગુજરાતમાં પ્રથમ અને ભારતમાં ચતુર્થ ક્રમ જાળવવામાં સફળ રહી છે. પત્રકારત્વ વિભાગનાં વિદ્યાર્થીઓ દેશનું ભાવી ઘડશે. જેથી ભાવી પત્રકારોએ નકારાત્મકતાથી દૂર રહીને સકારાત્મક અભિગમ અપનાવવો જરૂરી છે. પત્રકારો માટે સૌથી મોટી સમસ્યા પોઝિટિવિટિની છે અને તે માટે સોર્સને પોઝિટિવ કરવો એ જરૂરી છે. પત્રકારત્વ આફતને અવસર બનાવવાની યોજના છે. પત્રકારત્વને જો તમે પોઝિટિવ કરવા માંગતા હશો તો તમારે મહેનત કરવી પડશે.

આ અંગે રાજસ્થાન પત્રિકાના સંપાદનશ્રી પ્રદીપ જોશીએ જણાવ્યું હતું કે, પત્રકારોએ ચેતના હોવી જરૂરી છે. તમામે સમાજમાં જાગૃત અવસ્થામાં રહીને આજુબાજુ શું ચાલે છે તે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ અને લોકોના આચાર–વિચાર જોઈને ન્યૂઝ ઓળખવાનું કૌશલ્ય કેળવવુ જોઈએ. સાથે જ તેઓએ વફાદારી અને નીડરતા જેવા ગુણોને પણ ભૂલવા જોઈએ નહી. લોકો સોશિયલ મીડિયાનો ગમે એટલો ઉપયોગ કરી લેશે, પરંતુ સમાચાર પત્રના એક પણ અક્ષરનું મૃત્યુ થશે નહીં. વધુમાં તેમણે સાચા સમાચારની ઓળખ કેવી રીતે કરવી તે અંગે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ સમય, સોર્સ, પરિસ્થિતિ, ટાર્ગેટ અને ઉપદેશને ધ્યાનમાં રાખીને ઓળખ કરવી જોઈએ. શબ્દ બ્રહ્મ છે; એવું કહેવાય છે. જેથી શબ્દોથી પ્રેમ કરવો જોઈએ. જર્નાલિઝમ કરવું હશે તો વાંચન રાખવું પડશે, ફેક ન્યૂઝ અને નબળા પત્રકારત્વથી બચવું પડશે.






## ઓરિએન્ટેશન સત્રનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા તા. ૨૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ના નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા અને પત્રકારત્વના વિવિધ પાસાઓ  વિશે જાગૃત કર્યા હતા. વિદ્યાર્થીઓને ખાસ ઉદ્દબોધન કરતા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, પત્રકારત્વના વિદ્યાર્થીઓએ સિદ્ધાંતોની સાથે સાથ પ્રેકટીકલ પર વધારે ધ્યાન આપવાનું હોય છે. પત્રકારત્વના વિદ્યાર્થીઓએ પરિસ્થિતિઓની સામે લડીને જેમ પથ્થરમાંથી મૂર્તિ ઘડાય છે અને તેની પૂજા થાય છે તેમ પોતાની જાતને તૈયાર કરી પત્રકારત્વ જગતમાં પ્રસ્થાપિત કરવાની છે. તેમણે પોતાના કામ દ્વારા દેશનું, સમાજનું માતા–પિતાનું અને યુનિવર્સિટીનું ગૌરવ વધારવાનું છે. વીર કવિ નર્મદને પણ સમાજે તે સમયે સ્વીકાર્યા ન હતા તેમ છતાં પણ તેમણે તેમની કલમનો ઉપયોગ કરીને સમાજમાં બદલાવ લાવ્યો છે તે આપ દરેક શીખવો જોઈએ. આજે વીર કવિ નર્મદની યુનિવર્સિટીમાં હજારો સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. જે ગર્વપૂર્ણ બાબત છે. મારી આપ સૌને વિનંતી છે કે એકવાર જરૂરથી કવિ નર્મદના જીવન પર આધારિત પુસ્તકો વિશે વાંચો. આ અંગે વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોરે જણાવ્યું હતું કે, નવા જૂના વિદ્યાર્થીઓએ સમરસ બની કામ કરવાનું છે. પત્રકારત્વ સમાજમાં અરીસાની ભૂમિકા ભજવે છે. ત્યારે તેની કદરૂપી પૃષ્ઠભૂમિને જોઈને આપણે ઉકરડો ઉભો કરવો છે કે ઉદ્યાન એ સમજવું ખૂબ જરૂરી છે અને તે વિદ્યાર્થી તરીકે તમારે નક્કી કરવાનું છે. નાગરિક ધર્મ આપણને આપણા અભ્યાસક્રમથી મળશે. હવેના પત્રકારોએ સમાજમાંથી નકારાત્મકતા હટાવી સમાજમાં રહેલી વિશાળ હકારાત્મકતાને અલગ અલગ માધ્યમો દ્વારા સમાજમાં પ્રસ્થાપિત કરવાની છે. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું શાબ્દિક સ્વાગત ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કિરણ મિત્તલએ કર્યુ હતું. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ વિશેની માહિતી પ્રદાન કરી હતી. ટીચિંગ આસિસ્ટન્ટ નિલય પુરાણિક, બિન્ની પટેલે વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.













## Department of Commerce

### ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગમાં એમ.કોમ. એકાઉન્ટન્સી સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની નંદવાની વંશિકા નરેશભાઈએ તા. ૭ થી ૯ જુલાઈ, ૨૦૨૩ દરમિયાન આણંદ ખાતે યોજાયેલ "ઓલ ગુજરાત કરાટે ઓપન ચેમ્પિયનશિપ" માં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. જેથી તે ગોવામાં આયોજિત વેસ્ટ ઝોન કરાટે ચેમ્પિયનશિપમાં સિલેક્ટ થઈ છે. તેણીએ તેમના વિભાગનું યુનિવર્સિટીનું તથા આપણા ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યુ છે. નંદવાની વંશિકાને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આગામી સમયમાં ગોવા ખાતે આયોજિત વેસ્ટ ઝોન કરાટે ચેમ્પિયનશિપમાં જવલંત સફળતા મળે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.









### મહેંદી સ્પર્ધા

યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા તા. ૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સ વિભાગની વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. પ્રીતિ શાહ અને પ્રો. મેહુલ રાઠી હાજર રહ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે રીતિકા ટુવાલા અને દ્વિતીય ક્રમે મોનિકા શર્મા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું આયોજન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.







### વૃક્ષારોપણ કાર્યક્રમ


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાણિજ્ય વિભાગ અને ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ તા. ૧૨ જુલાઈ, ૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવા અને વૃક્ષારોપણના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ

ઈન્કયુબેશન સેન્ટરના વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ અને વહીવટી કર્મચારીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને યુનિવર્સિટી કેમ્પસની આસપાસ કુલ ૫૦થી વધું વિવિધ રોપાઓનું વાવેતર કર્યુ હતું. વાણિજય વિભાગનાં સંયોજક અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરે આ પ્રસંગે ખુશી વ્યકત કરી જણાવ્યું હતું કે, પર્યાવરણીય જાગૃતિ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવામાં આવી પહેલ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે પર્યાવરણ સંરક્ષણના મૂલ્યો પર પણ ભાર મૂકયો હતો અને વિદ્યાર્થીઓને આ દિશામાં સતત પ્રયત્નો કરવા પ્રોત્સાહિત કર્યા હતા.










## 'માય કેમ્પસ થ્રુ માય લેન્સ' ફોટોગ્રાફી સ્પર્ધા

તા. ૨૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાણિજ્ય વિભાગ દ્વારા 'માય કેમ્પસ થ્રુ માય લેન્સ' ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા બે ભાગમાં યોજવામાં આવી હતી, પ્રથમ ભાગ ફોટોગ્રાફી વિશે અને બીજો ભાગ તે ફોટો લેવા પાછળનો હેતુ સમજાવવા અંગે. આ સ્પર્ધામાં ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા પાછળનો ઉદ્દેશય વિદ્યાર્થીઓને તેમની ફોટોગ્રાફી કૌશલ્ય પ્રદર્શિત કરવા અને કેમ્પસની સુંદરતા, સાર અને વિવિધતાને કેપ્ચર કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો. આ સ્પર્ધામાં વાળા મોહિત ભરતભાઈ પ્રથમ, નિર્મલ ચૌધરી અને રાઠોડ વંશિકા બીજા ક્રમે રહ્યા હતા. ત્રીજા ક્રમે મુકેશભાઈ, ગેમેટ સ્ટીવન પ્રદીપભાઈ અને રાઠોડ ફાલ્ગુની સુરેશભાઈ વિજેતા થયા હતા તેમજ પટેલ દેવ અને સોલંકી વિશાખા ગીરીશભાઈને પ્રોત્સાહક ઈનામ મળ્યું હતું. કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના સંયોજક અને એસોસિએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## 'મારી વાર્તા એક મીનીટમાં' સ્પર્ધાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા ૩૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ એક અનોખી સ્પર્ધા 'મારી વાર્તા એક મીનીટમાં'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા પાછળનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને જાહેર બોલવાની કુશળતા તેમજ તેમની વાર્તા સંક્ષિપ્ત સમયમર્યાદામાં પ્રદર્શિત કરી પ્રેક્ષકોને અસરકારક રીતે જોડવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રીયાની હિરલ જયેશભાઈ, બીજા ક્રમે વાળા મોહિત ભરતભાઈ, ત્રીજા ક્રમે શુકલા જાનવી વિજયકુમાર અને યશ્વી પેથાની વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કો-ઓર્ડિનેટર અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અને અંતમાં તેમણે જણાવ્યું કે આવી સ્પર્ધા વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા દર્શાવવાની તક પૂરી પાડશે એટલું જ નહિં પરંતુ તેમની એકંદર સંચાર કૌશલ્યને પણ વધારશે, જે વિવિધ વ્યવસાયિક ક્ષેત્રોમાં સફળતા માટે મહત્વપૂર્ણ છે.





## Department of Biotechnology

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોનો ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેક્ટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ગ્રીન કેમ્પસ અંતર્ગત આજરોજ યુનિવર્સિટીના બાયોટેક વિભાગના પ્રાંગણમાં બાયોટેક વિભાગના એન.એસ.એસ.યુનિટ દ્વારા તા. ૧૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી, વિભાગીય વડાશ્રીઓ, યુનિવર્સિટી એન.એસ.એસ. વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર તેમજ બાયોટેક વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તેમજ એન.એસ.એસ. વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી તન્વીબેન તમાકુવાલાની આગેવાનીમાં વિભાગનાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સારભેર ભાગ લઈ જુદાં જુદાં પ્રકારના ૨૦૦ રોપા બાયોટેક વિભાગ ખાતે રોપવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા સતત વૃક્ષારોપણના કાર્યક્રમના ભાગરૂપે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.













## Department of English

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોના ઉછેર અને સંર્વધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પંકલ્પ (પ્રોજેક્ટ) હરિયાળું (ગ્રીન કેમ્પસ ) મહત્વકાંક્ષી પ્રોજેકટ ગ્રીન કેમ્પસ અંતર્ગત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના પ્રાંગણમાં અંગ્રેજી વિભાગ દ્વારા તા.૧૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ.રમેશદાન સી. ગઢવી, વિભાગીય વડાશ્રી ડૉ. મહેશકુમાર ડેની આગેવાનીમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ જુદાં જુદાં પ્રકારના ૮૦ રોપા અંગ્રેજી વિભાગ ખાતે રોપવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા સતત વૃક્ષારોપણના કાર્યક્રમના ભાગરૂપે આજ રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

















## Department of Law

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષારોપણ ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેકટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) અંતર્ગત યુનિવર્સિટીના કાયદાશાસ્ત્ર વિભાગના પ્રાંગણમાં કાયદાશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૪/૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કાયદાશાસ્ત્ર વિભાગીય વડાશ્રી ડૉ. વિમલ પંડયા, ડૉ. ભાવેશ ભરાડ, ડૉ. રાજુભાઈ દવે, અધર ધેન ડીન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડૉ. જયદવી બેન રાજગુરુ, નિમેશ માળી, કિરણ ઘોઘારી સિન્ડિકેટ સભ્ય, વિભાગીય વડાશ્રીઓ અધ્યાપકશ્રીઓ વિભાગના વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ જુદાં જુદાં પ્રકારના રોપા કાયદાશાસ્ત્ર વિભાગ પરિસર ખાતે રોપવામાં આવ્યા હતા.


















## Department of Sociology

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૨/૦૭/૨૦૨૩ બુધવારના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ગ્રીન કેમ્પસના પ્રકલ્પ હેઠળ આ મેગા વૃક્ષારોપણ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં સહભાગી બન્યા. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે રાષ્ટ્રીયકક્ષાની સંસ્થા યોજકના અધ્યક્ષ ડૉ. ગજાનન ડાંગેજી, સિન્ડીકેટ સભ્યશ્રી વિમલભાઈ શાહ, સુરત શહેરના પૂર્વ મેયર ડૉ. અસ્મિતાબેન શેરિયા તથા તેના સભ્યો જોડાયા હતા. આ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. એમ.એસ.ડબ્લ્યુના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં સહભાગી બનીને કણજી, ચંપો, શીમળો, ચીકુ, ગુલમહોર જેવા અનેક વૃક્ષો વાવ્યા તથા તેને ઉછેર માટે પ્રતિબદ્ધ બન્યા હતા.













## Department of Bioscience

### વૃક્ષારોપણ અને સર્ટીફીકેટ વહેચણી કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં તા. ૨૨/૭૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ તથા સેમેસ્ટર–૩ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરવા બદલ સર્ટીફીકેટની વહેંચણી કાર્યક્રમોનું આયોજન વિભાગના વડાશ્રી ડૉ. કૈલાશ પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. 'Each One Plant One'ના સ્લોગન હેઠળ બાયોસાયન્સ વિભાગના મેદાનમાં ભવ્ય રીતે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ, સેનેટ સભ્યશ્રી ભાર્ગવભાઈ રાજ્યગુરૂ, બાયોસાયન્સ વિભાગના ભૂતપૂર્વ વડાશ્રી ડૉ. એસ.કે.ટાંક, વિભાગના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી ઉત્સાહભેર અને સફળતા પૂર્વક વૃક્ષારોપણનું કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વડાશ્રી ડૉ.એસ.કે.ટાંક દ્વારા વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ કરવા અંગે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સર્ટીફીકેટ વહેચણી કાર્યક્રમની શરૂઆતનું નેતૃત્વ બાયોસાયન્સ વિભાગના ઝુલોજી શાખાના એસોસિયેટ પ્રોફેસર ડૉ. જિગના.આર.દેસાઈ તેમજ હંગામી ધોરણે ફરજ બજાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જિગ્ના આર. દેસાઈ અને આસિસ્ટન્ટ પ્રોફેસર શૈતલ ટી. વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા બાયોસાયન્સ વિભાગના બોટની, ઝુલોજી તેમજ માઈક્રોબાયોલોજીના પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બાયોસાયન્સ વિભાગના ભૂતપૂર્વ વડાશ્રી ડૉ. એસ.કે.ટાંકના વિભાગ માટેના યોગદાન બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના હસ્તે મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.
















## Enhancing English Language Proficiency ગેસ્ટ લેકચરનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ વિભાગમાં તા. ૨૬/૭/૨૦૨૩ના રોજ વીર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'Enhancing English Language Proficiency' અંગે ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશમાં ફરજ બજાવતા પ્રોફેસર ડૉ. સુનિલ એસ. શાહ દ્વારા અંગ્રેજી ભાષાને લગતી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ગેસ્ટ લેકચરનું આયોજન વિભાગના વડાશ્રી ડૉ. કૈલાશ પી. પટેલ અને ડૉ. ધારા ગામિતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ગેસ્ટ લેકચરમાં બાયોસાયન્સ વિભાગના વિવિધ શાખાના બોટની, ઝુલોજી, પીજીડીએમએલટી તેમજ માઈક્રોબાયોલોજીમાં અભ્યાસ કરતાં સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓ અને આસિસ્ટન્ટ પ્રોફેસરો હાજર રહ્યા હતા. અંતે વડાશ્રી ડૉ. કૈલાશ પી. પટેલ અને ડૉ. ધારા એ. ગામિત દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ મહત્વપૂર્ણ માહિતી બદલ પ્રોફેસર ડૉ. સુનિલ એસ. શાહનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.






## Department of Gujarati

### ઉમાશંકર જોશીની ૧૧૩મી જન્મ જયંતીની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં તા. ૨૧/૭/૨૦૨૩ના રોજ 'ઉમાશંકર જોશીની ૧૧૩મી જન્મ જયંતી'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત સુરતના પોલીસ કમિશ્નરશ્રી અજય તોમરે 'કવિતા અને જીવન' ઉપર દુનિયાભરની કવિતાઓના દૃષ્ટાંતો આપીને સરસ રીતે વાત કરી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદ્દબોધન આપવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. શરિફા વીજળીવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કમિશ્નરનું વ્યકતવ્ય પૂરું થયા બાદ ગુજરાતી વિભાગમાં ચાલતા 'પ્રૂફરીડિંગ અને સર્જનાત્મક કોર્સ'ના પ્રમાપપત્ર કમિશ્નરશ્રી અને કુલપતિશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતાં.ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ઉમાશંકર જોશીના વિવિધ સાહિત્યસ્વરૂપોનું રસપાન કરાવવામાં આવ્યું હતું.


















## Department of Rural Study

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોના ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેક્ટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) અંતર્ગત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રાંગણમાં મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા તા. ૨૪/૦૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના ઈ.ચા. વડાશ્રી અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. દીપકભાઈ ભોયે, એન.જી.ઓ.ના મુરલીભાઈ મુન્દ્રા, અધ્યાપકશ્રીઓ, વિભાગના વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ જુદાં જુદાં પ્રકારના રોપા રોપવામાં આવ્યા. જેમાં મુરલીભાઈ મુન્દ્રા દ્વારા આપેલ વિશેષ ફળ–ફળાદીના તેમજ આયુર્વેદિક વૃક્ષોના રોપા ગ્રામ અભ્યાસ વિભાગના પરિસર ખાતે રોપવામાં આવ્યા હતા.













### પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા તા. ૨૭/૭/૨૦૨૩ના રોજ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩–૨૪માં એમ.આર.એસ અને બી.આર.એસ. (એસ.ડી) પ્રોગ્રામમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થી (ભાઈઓ અને બહેનો) માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રીએ તેમના પ્રેરક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, દરેક વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવ્યા બાદ સાંપ્રત પરિસ્થિતિમાં રાષ્ટ્રને શું આપી શકાય ? તે અંગે સૌ વિચાર કરે તેમજ આજે રાષ્ટ્રીય સ્તરે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટ–અપ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા વગેરે માટે વિદ્યાર્થીઓ પોતાની કુશળતા વધારી રોજગાર લક્ષી અને આત્મનિર્ભર બને તે દિશામાં પોતાની જાતને તૈયાર કરે તે બાબતે સવિશેષ ભાર મૂકયો હતો. અભ્યાસની સાથે વિભાગના વિદ્યાથીઓ પોતાની મૂળ સાંસ્કૃતિક પરંપરાઓની જાળવણી થાય તેના માટે તેમના પરંપરાગત પહેરવેશ,

સ્થાનિક બોલીમાં ગવાતાગીતો અને વ્યવહારમાં પોતાની બોલીમાં જ નિઃસંકોચ વાતચીત કે ચર્ચાઓ કરે અને અંતર્મુખી બનવાના બદલે બહિર્મૂખી બને તેવી લાગણી વ્યકત કરી હતી.વધુમાં યુનિવર્સિટીમાં અને વિભાગમાં જે કાંઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. એવી વિવિધ સુવિધાઓ અને વાતાવરણમાં અભ્યાસ કરવા પાછળ જે પોતાના માતા–પિતા અને પરિવારના અન્ય સભ્યોનો ખૂબ મોટો સિંહફાળો રહેલો છે. જેઓને કયારેય તમને મળેલી સુવિધા મળી નહોતી તે અંગે વિદ્યાર્થીઓનું ઘ્યાન દોર્યું હતું. કાર્યક્રમમાં ગ્રામ અભ્યાસ વિભાગના ભૂતપૂર્વ વડાશ્રી ડૉ. વિપુલ સોમાણી પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડયું હતું.

ગ્રામ અભ્યાસ વિભાગના વડાશ્રી ડૉ. દિપકભાઈ ભોયે દ્વારા વિભાગની માહિતી અને શૈક્ષણિક પ્રવૃતિઓ અંગે વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. કાર્યક્રમમાં વિભાગના અઘ્યાપકશ્રી ડૉ. શ્રીધર નિમાવત દ્વારા યુનિવર્સિટી અને વિભાગમાં ઉપલબ્ધ સુવિધાઓ જેવી કે આરોગ્ય કેન્દ્ર લાઈબ્રેરીની સુવિધા રમતગમત અને યુનિવર્સિટીમાં યોજાતા વિવિધ કાર્યક્રમોની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અઘ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એમ.આર.એસ.ની વિદ્યાર્થીની કુ. સજન અને કુ. વંદનાએ કર્યો હતો. અંતે આભારવિધિ વિભાગના અઘ્યાપકશ્રી ડૉ. દીપેશ ઝાએ કરી હતી.









## Department of Hindu Studies and IAS/IPS Centre

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના આઈ.એ.એસ./આઈ.પી.એસ., હિંદુ સ્ટડીઝ વિભાગ દ્વારા તા. ૨૪/૦૭/૨૦૨૩ના રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેકટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) અંતર્ગત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ડૉ. અર્પિત દવે, આઈ.એ.એસ/આઈ.પી.એસ. અને હિંદુ સ્ટડીઝ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી બાલાજી રાજે, અઘ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝ અને આઈ.એ.એસ./આઈ.પી.એસ.ના તમામ વિદ્યાર્થીઓએ કુલ ૨૫ રોપા રોપવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા સતત વૃક્ષારોપણના કાર્યક્રમના ભાગરૂપે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.






## Department of M.Sc. IT & Sports

### વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે વૃક્ષોના ઉછેર અને સંવર્ધન માટેના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના મહત્વકાંક્ષી પ્રકલ્પ (પ્રોજેકટ) હરિયાળું પરિસર (ગ્રીન કેમ્પસ) અંતર્ગત યુનિવર્સિટીના એમ.એસ.સી. આઈ.ટી. વિભાગનાં પ્રાંગણમાં અને સ્પોર્ટસ વિભાગ દ્વારા તા. ૨૬/૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ.એસસી.આઈ.ટી. વિભાગના વૃક્ષારોપણ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વિભાગના એમ.એસસી. આઈ.ટી. વડાશ્રી ડૉ. પુશ્પલ દેસાઈ, તમામ અધ્યાપકશ્રીઓ, વિભાગના વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ જુદાં જુદાં પ્રકારના રોપાઓ રોપવામાં આવ્યા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના યુવક કલ્યાણ (સ્પોર્ટસ) વિભાગ દ્વારા તા. ૨૬/૭/૨૦૨૩ના રોજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા  વિભાગના પૂર્વ નિયામકશ્રી ડેવિડ પોલ, સ્પોર્ટસ વિભાગના ઈન્ચાર્જ વડાશ્રી ડૉ. યોગેશ વાંસિયા, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપકશ્રીઓ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા રોપાઓ રોપવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા સતત વૃક્ષારોપણના કાર્યક્રમના ભાગરૂપે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.
















## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### ગુરુપૂર્ણિમા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમા NSS અને NCC વિભાગ દ્વારા ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૦૩/૦૭/૨૦૨૩ના રોજ 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત NSS સ્વયંસેવિકાઓ કાસવાળા મિતાલીબેન, રાઠોડ વિરલબેન અને કંજારિયા ખ્યાતિબેને પ્રાર્થનાથી કરી હતી. NSS સ્વયંસેવિકાઓ દ્વારા 'ગુરુપૂર્ણિમા' વિષે ગીત રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ગુરુના મહત્વ વિષે વકતવ્યો આપવામાં આવ્યા હતા. તેમજ દરેક પ્રાધ્યાપક મિત્રોનું પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન NSS સ્વયંસેવક ચૌહાણ ગૌરવકુમાર અને સ્વયંસેવિકા માંગરોલા વિરલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.





#### રાષ્ટ્રીય સેવા યોજના અંગેનો અભિમુખતા કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમા તા.૬/૭/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષ બી.એ.ના વિદ્યાર્થીઓ માટે 'રાષ્ટ્રીય સેવા યોજના અંગેનો અભિમુખતા કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કી ઉપસ્થિત રહી એન.એસ.એસ.નું જીવનમાં મહત્વ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું.

કાર્યક્રમની શરૂઆત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થિની કુ. વિરલ રાઠોડે પ્રાર્થનાથી કરી હતી. ઈ.ચા.આચાર્યશ્રી રાજેશકુમાર ડી.રાણા દ્વારા ઉપસ્થિત સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વક્તાનું શબ્દો અને પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. પૂર્વ ભૂમિકા એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર પ્રા. વિજયભાઈ ચૌધરીએ કરી હતી. મુખ્ય વકતાનો પરિચય પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરીએ કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન એસ.વાય.બી.એ.ની સ્વયંસેવિકા ખંડવી વૈશાલીબેન અને આભારવિધિ કંથારિયા કશીષ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા.પંકજભાઈ નાયકા અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા પ્રા. હર્ષદભાઈ પટેલ, પ્રા. નરેન્દ્રભાઈ બારૈયા તેમજ પ્રા. મયુરભાઈ પાંડવ અને ઓમભાઈ પટેલ તથા ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી એન.એસ.એસ. વિશે માર્ગદર્શન મેળવ્યું હતું.





#### ગુરુવંદના કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને અમરોલી કૉલેજના NSS, NCC વિભાગના સંયુક્ત ઉપક્રમે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૦૮/૦૭/૨૦૨૩ના રોજ "ગુરુવંદના" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ગાંધી એન્જીનીયરીંગ કૉલેજ, મજુરાગેટના પ્રા.ડૉ. શૈલેષભાઈ ધીવાળા ઉપસ્થિત રહ્યા હતા. તેમના વકતવ્યમાં ગુરુનું મહત્વ, ગુરુ પ્રત્યે પોતાના શિષ્યનું સમર્પણ, રાષ્ટ્ર પ્રત્યેનું ઋણ વગેરે મુદ્દાઓની ઉંડાણપૂર્વક સમજ આપી હતી. કાર્યક્રમનું સંચાલન NSS સ્વયંસેવકો અને સેવિકાઓ દ્વારા તેમજ આભારવિધિ કરવામાં આવી હતી. જેમાં અધ્યાપકશ્રી વહીવટી સ્ટાફ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા તથા એન.એસ.સી.સી.કેર ટેકર પ્રા. સોનલબેન જરીવાલા અને મોટી સંખ્યામાં સ્વયંસેવકો/સેવિકાઓ, કેડેટ્સ અને વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.





## પરમવીર વંદન કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં NSS, NCC વિભાગના સંયુકત ઉપક્રમે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૧૧/૦૭/૨૦૨૩ના રોજ 'પરમવીર વંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત NSS સ્વયંસેવિકાઓ રાઠોડ તુલસીબેન, પોકળ મૈત્રીએ પ્રાર્થનાથી કરી હતી. જેમાં મુખ્ય વકતા તરીકે દક્ષિણ ગુજરાતના સંયોજકશ્રી દિપકભાઈ રાજ્યગુરુ ઉપસ્થિત રહ્યા હતા. તેમના વકતવ્યમાં આપણા દેશના ક્રાંતિવીરોએ મેળવેલ પરમવીરચક્ર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશના કાર્યકારણી ગીતાંજલીબેન ઈટાલિયા, સુરતના સંયોજક સવજીભાઈ પટેલ, કાર્યકત્વ મહાદેવભાઈ પટેલ, મોન્ટુભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, અમિતભાઈ ત્રિપાઠી, શિવાંગભાઈ ત્રિપાઠી, મૃગેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ NSS સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવી. જેમાં અધ્યાપકશ્રી, વહીવટી સ્ટાફ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા તથા એન.સી.સી. કેર ટેકર પ્રા. સોનલબેન જરીવાલા અને મોટી સંખ્યામાં સ્વયંસેવકો/સેવિકાઓ, કેડેટ્સ અને વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## રકતદાન શિબિર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, વુમેન્સ એડિશનલ સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, ડૉ. બાબા આંબેડકર ઓપન યુનિવર્સિટી, લાયન્સ ક્લબ, ફેમિલી ફિઝિશ્યન એસોસિએશન, સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટર, એન.એસ.એસ. વિભાગ, એન.સી.સી. વિભાગના સંયુકત ઉપક્રમે ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ તા.૧૨/૭/૨૦૨૩ના બુધવારના રોજ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૩–૨૪માં 'પ્રથમ રકતદાન શિબિર'નું આયોજન થયું હતું. શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા એન.સી.સી. કેર ટેકર પ્રા. સોનલબેન જરીવાલા અને NSS સ્વયંસેવકો/સેવિકાઓ, કેડેટ્સ અને તેમની ટીમે કર્યુ હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફસભ્યોએ પણ ઉત્સાહભેર રકતદાન કરી ૫૩ રકત બેગ એકત્ર થઈ હતી. અમરોલી કૉલેજ પરિવાર તરફથી સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કૉલેજનાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. તથા એન.સી.સી. કેર ટેકર ઓફિસર તથા સ્વયંસેવકો/ સેવિકાઓ અને કેડેટ્સે ભારે જહેમત ઉઠાવી હતી.

## આંતરવર્ગીય પ્રાર્થના સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૧૭/૭/૨૦૨૩ ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ આંતરવર્ગીય પ્રાર્થના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની શાહ નૂપુરે પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં કૉલેજના કુલ ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. રુદ્રનાથ ઝા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં

પ્રથમ ક્રમે ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પ્રા. વિજયભાઈ ચૌધરી અને પ્રા.મિરલબેન ચાંદેગરા પણ હાજર રહ્યા હતા.




## વીર ભગતસિંહ આંતરવર્ગીય દેશભકિત સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૧૯/૭/૨૦૨૩ના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'વીર ભગતસિંહ આંતરવર્ગીય દેશભકિત સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ.જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં કૉલેજના કુલ ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. વિજયભાઈ ચૌધરી સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સ્પર્ધાનું સંચાલન પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા દ્વારા અને આભારવિધિ પ્રા. હર્ષદભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રા. સોનલબેન કાકલોતર અને પ્રા. નિર્મિતાબેન ભાદાણી હાજર રહ્યા હતા.



## વૃક્ષારોપણ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં NSS વિભાગ દ્વારા G20 અંતર્ગત ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૦૭/૨૦૨૩ના ગુરુવારના રોજ 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ છોડવાનું વાવેતર કરી અમરોલી કૉલેજ કેમ્પસને હરિયાળું બનાવવા પ્રયત્ન હાથ ધર્યા હતા. જેનાથી વિદ્યાર્થી, સમાજમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સંદેશ પહોચાડવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા.જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા.નિહારિકાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો/સેવિકાઓ પણ હાજર રહ્યા હતા.




## પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે "B.Com. With Data Science" અભિમુખતા કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૨૦–૨૧/૭/૨૦૨૩ના રોજ પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે 'B.Com. with Data Science' અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે IQACના કો–ઓર્ડિનેટર પ્રા. ડૉ. સેજલબેન એ. દેસાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ડેટા સાયન્સના મહત્વ વિષે માહિતગાર કરી તેમના કારકિર્દી વિષે માર્ગદર્શન પૂરું પાડયું હતું. જેમાં એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.ભ્રાતિબેન ગોહેલ અને પ્રા.મયૂરભાઈ દ્વારા કરવામાં આવ્યુ હતું.





## સમર્પણ આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૨૨/૭/૨૦૨૩ને શનિવારના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિવિશેષ તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. રુદ્રનાથ ઝા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય અને સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જુદી જુદી કૉલેજોના ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિ, દ્વિતીય ક્રમે પી.પી.સવાણી કૉલેજની વિદ્યાર્થીની કુ. વેદાંતી રાજ્યગુરુ તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. જાનવી ચૌહાણ અને સુટેક્સ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સનો વિદ્યાર્થી તીર્થ ભિંગ્રાડિયા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ આરોહીબેન વ્યાસ અને શ્રીમતિ દિપ્તીબેન પુરોહિત હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. પ્રિયંકાબેન ગાંગડવાલા દ્વારા અને આભારવિધિ પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## 'B.Com. With Data Science'ના વર્ગનું ઉદ્‌ઘાટન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા.૨૨/૭/૨૦૨૩ને શનિવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ નવા અભ્યાસક્રમાં 'B.Com. With Data Science'ના વર્ગનું ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહી કૉલેજની શૈક્ષણિક પ્રગતિ અને અભ્યાસક્રમોને બિરદાવ્યા હતા અને વિદ્યાર્થીઓને ડેટા સાયન્સ વિષે પ્રોત્સાહિત કર્યા અને તેમજ અતિથિ વિશેષ તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા. પ્રા.ડૉ.સેજલબેન એ. દેસાઈએ નવા અભ્યાસક્રમ વિષે માહિતી આપી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. કૉલેજ સરકારશ્રીની નવી શિક્ષણનીતિ, ૨૦૨૦ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત બી.કોમ. ડેટા સાયન્સનો પ્રોફેશનલ કોર્સ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩–૨૪થી શરૂ કરવા જઈ રહી છે. સમગ્ર ઉદ્‌ઘાટનનું સંચાલન IQACના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ. સેજલબેન એ. દેસાઈ, પ્રા.મનિષભાઈ ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું.

## વીર ભગતસિંહ આંતર કૉલેજ દેશભક્તિ ગીત સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા.૨૫/૭/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ "વીર ભગતસિંહ આંતર કૉલેજ દેશભક્તિ ગીત સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે લાયન્સ કેન્સર ડિટેક્શન સેન્ટરના બોર્ડ ઓફ મેમ્બરશ્રી પ્રણવભાઈ મહેતા અને શ્રી ઉમેશભાઈ પારેખ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત એફ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. વિજયભાઈ ચૌધરી દ્વારા મહેમાનો તથા પ્રા. ચિરાગભાઈ સિધ્ધપુરિયા દ્વારા નિર્ણાયકોનો પરિચય અને પ્રા. રાજભાઈ ડુમસિયા દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી.સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજોના ૩૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ

એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિ, દ્વિતીય ક્રમે કુ. જાનવી ચૌહાણ અને વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટની વિદ્યાર્થીની ભાલોડિયા હાનવી તેમજ તૃતીય ક્રમે શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાની વિદ્યાર્થીની કુ.સરસ્વતી રાઠોડ અને વિવેકાનંદ કૉલેજ, જહાંગીરપુરાનો વિદ્યાર્થીશ્રી વિશાલ જાદવ વિજેતા જાહેર થયા હતા. આશ્વાસન ઈનામ તરીક જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહને આપવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી દેવાંગભાઈ ઝવેરી અને શ્રીમતિ દિપ્તીબેન પુરોહિત હાજર રહ્યાં હતાં. આભારવિધિ પ્રા. હર્ષદભાઈએ કરી હતી.

## રાજા રવિ વર્મા આંતર કૉલેજ ચિત્રસ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૨૭/૭/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'રાજા રવિ વર્મા આંતર કૉલેજ ચિત્રસ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે એસ.પી.બી. સ્કૂલના આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા અને કે.એન્ડ.એમ.પી. પટેલ સ્કૂલના આચાર્યશ્રી પ્રતાપસિંહ બારસડિયા હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શરૂઆત એફ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. જીતેન્દ્રભાઈ વાછાણી દ્વારા મહેમાનો તથા પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા નિર્ણાયકોનો પરિચય અને પ્રા. મેઘાબેન મહેતા દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજોના ૩૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ એમ.કે.મહેતા કૉલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામની વિદ્યાર્થીની કુ. પિંકીબેન હળપતિ, દ્વિતીય ક્રમે જે.બી. ધારુકાવાળા ગર્લ્સ આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ.પ્રિયાંશીબેન પરમાર અને જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. રુદ્રા ભીંડે, તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થીશ્રી ધ્રુવિન ધામેલિયા અને જે.બી. ધારુકાવાળા ગર્લ્સ આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ.મિતલ ગોસ્વામી વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જશવંતભાઈ નથુકારાવાલા અને શ્રી અજિતસિંહ ખેર હાજર રહ્યા હતા. આભારવિધિ પ્રા. ભૂમિબેન મિસ્ત્રીએ કરી હતી.

## કારગીલ વિજય દિવસની ઉજવણી




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં એન.એસ.એસ. વિભાગના સંયુકત ઉપક્રમે તા. ૨૬/૭/૨૦૨૩ને બુધવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ 'કારગીલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કારગીલ વિજય યુદ્ધમાં શહીદ થયેલા વીરજવાનોને પુષ્પ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી અને પ્રા. વિજયભાઈ ચૌધરી NSSના સ્વયંસેવકો દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા.પંકજભાઈ નાયકા અને પ્રા. નિહારિકાબેન જોષી દ્વારા અને સ્વયંસેવિકા કુ.મૈત્રી પોકળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો/સેવિકાઓ પણ હાજર રહ્યાં હતાં. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૩૧/૭/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સરદાર વલ્લભભાઈ પટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે વાઈલ્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના પ્રેસિડન્ટશ્રી રોહિતભાઈ સુતરિયા અને વાઇલ્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના સભ્યશ્રી મયૂરભાઈ તળાવિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપૂર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. છાયાબેન નાયકે મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનો પરિચય અને પ્રા.

ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે 'Is Global Warming an issue?' ના વિષય પર એસ.પી.બી. અંગ્રેજી માધ્યમ કૉલેજ ઓફ કોમર્સની વિદ્યાર્થીની કુ.ઇશા કાપડિયા, દ્વિતીય ક્રમે ''ભ્રષ્ટાચાર એ વ્યવહાર કે સ્વભાગ''?ના વિષય પર વી.બી. શાહ. ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટની વિદ્યાર્થીની કુ. હેન્વી ભલોડિયા અને ત્રીજા ક્રમે 'Why Outdoor game is good?' ના વિષય પર જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીના વિદ્યાર્થીશ્રી બિન્ધેશ્વર પાંડે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ આશાબેન પારેખ અને શ્રી સંજયભાઈ બોસમિયા હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. કમલેશભાઈ સાવલિયા દ્વારા કરવામાં આવી હતી.

## સફળતા માટે ધ્યાનનું મહત્વ : સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં NSS વિભાગ દ્વારા તા. ૧/૭/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ યુવા વિદ્યાર્થીઓ માટે "युवा अवस्था: ध्यान से सफलता की ओर" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર મુખ્ય વકતા તરીકે દિલ્હીના ધ્યાનગુરુ અર્ચના દીદી હાજર રહ્યા હતા. સેમિનારની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. ઈ.ચા.પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મુખ્ય વકતા તથા દિલ્હીથી આવેલા અન્ય મહેમાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતાનો પરિચય પ્રા. મેધાબેન મારફતિયાએ આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. આ સેમિનારમાં કૉલેજના યુવાધનને યાદશકિત અને એકાગ્રતા વધારવા માટે ધ્યાનથી સરળ પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓનો જીવનમાં સફળતા કેવી રીતે મેળવી શકાય તે સમજાવવામાં આવ્યું હતું. ધ્યાનગુરુ અર્ચના દીદીએ ત્રાટક અને માઈન્ડ ફૂલનેસની બેઝિક પદ્ધતિઓ વિદ્યાર્થીઓને શીખવાડવામાં આવી હતી. આ સેમિનારમાં આજ્ઞાચક્ર અક્ટિવેટ કરીને કોન્સન્ટ્રેશન અને મેમરી પાવર વધારવાની નાની નાની ટેકનિકો પ્રેકિટકલી આવી હતી. આ સાથે કૉલેજમાં ચાલનારા 'Certificate Course In Meditation & Mindfulness' નું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રા. મેધાબેન મારફતિયા દ્વારા કરવામાં આવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### પ્રવેશ સાથે શૈક્ષણિક કાર્યની શરૂઆત

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે બી.સી.એ., બી.બી.એ., બી.કોમ. અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ અભ્યાસક્રમમાં પ્રવેશ પૂર્ણાતાની આરે હોવાથી તા. ૦૩/૦૭/૨૦૨૩ના રોજથી કૉલેજમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવ્યુ હતું. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ દિવસે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી અને શૈક્ષણિક સ્ટાફ સભ્યોએ પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર તમામ વિદ્યાર્થીઓને બુક આપી આવકારવામાં આવ્યા હતા.







## Launching Ceremony of New Education Courses and Digital Classrooms












જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં બી.સી.એ., બી.બી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમ ચાલી રહ્યા છે. કૉલેજ સરકારશ્રીની નવી શીક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત બીએસસી. ડેટા સાયન્સ, બી.કોમ. ડેટા સાયન્સ, બી.કોમ. ઈ–કોમર્સ, બી.કોમ. પ્રોફેશનલ એકેડેમિક વર્ષ ૨૦૨૩–૨૪થી અભ્યાસક્રમ શરૂ કરવા જઈ રહેલ છે. બીએસસી. ડેટા સાયન્સ, બી.કોમ. ડેટા સાયન્સ, બી.કોમ. ઈ–કોમર્સ, બી.કોમ. પ્રોફેશનલ અભ્યાસક્રમ મેગા લોન્ચિંગ કાર્યક્રમ તેમજ આ અભ્યાસક્રમને અનુરૂપ કૉલેજમાં બનાવવામાં ડિજિટલ વર્ગોનું ઉદ્ઘાટન કાર્યક્રમનું આયોજન તા. ૦૯/૦૭/૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજયના ફોરેસ્ટ અને ઇન્વારમેન્ટ કલાઈમેન્ટ ચેન્જના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, સધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, સુરતના પ્રેસિડન્ટશ્રી રમેશભાઈ વઘાસીયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ યુનિવર્સિટીના સિન્ડિકેટ અને સેનેટ સભ્ય તથા યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, શ્રી કાંતિલાલ શાહ તેમજ સભ્યશ્રી સંપતભાઈ શાહ, ભદ્રેશભાઈ શાહ, કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, કો–ઓર્ડિનેટર ધરીતભાઈ નાયક તેમજ કો–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીશવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. નવા અભ્યાસક્રમની માહિતી કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતાએ આપી હતી જ્યારે નવા અભ્યાસક્રમનું લોન્ચિંગ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ અને શ્રી રમેશભાઈ વઘાસિયા કર્યુ હતું. તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા નવા બનાવવામાં આવેલ ડિજિટલ વર્ગોનું ઉદ્ઘાટન કરાયુ હતું આ પ્રસંગે મહેમાનોએ પ્રસંગોપાત ઉદ્બોધન કર્યુ હતું. જેમાં ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ કૉલેજની શૈક્ષણિક પ્રગતિ અને અભ્યાસક્રમોને બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ., બી.સી.એ., બી.કોમ.ના સ્ટાફ સભ્યો, એન.સી.સી.ના કેડેસ, એન.એસ.એસ.ના વિદ્યાર્થીના સહકારથી સફળતા પૂર્વક યોજી શકાયો હતો.

## ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીના બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે એન.એસ.એસ અને એન.સી.સી. ઓરિએન્ટેશન પ્રોગ્રામ તા. ૧૧–૭–૨૦૨૩ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન અને વકતા તરીકે જે.ડી.ગાબાણી કોમર્સ કૉલેજના અને એન.સી.સી. અને એન.એસ.એસ ઓફિસર ડૉ. અમિત ગોધાણીએ પ્રસંગોચિત વકતવ્ય રજૂ કરી વિદ્યાર્થીનીઓને NSSનું મહત્વ સમજાવી તેમાં જોડાવા માટે ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા, જ્યોતિકા ટેલર, પ્રા. સોએબ જિદાંણી, પ્રા. રશ્મી તેમજ એન.સી.સી. –સીટીઓ ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા કરવામાં આવ્યું હતું અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## સી.એ.ફાઉન્ડેશન સુરત સાથે 'MOU'






જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૯–૦૭–૨૦૨૩ના રોજ કૉલેજના વિદ્યાર્થીઓ માટે સી.એ.ફાઉન્ડેશન, સુરત દ્વારા ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સી.એ.ફાઉન્ડેશન, સુરતના વાઈસ પ્રેસીડન્ટશ્રી હાર્દિકભાઈ કાકડિયા તેમજ મંત્રીશ્રી લલીતભાઈ હિરપરા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતું વિદ્યાર્થીઓ વિદ્યાર્થીકાળ દરમિયાન કૉલેજની સાથે સ્ટાઈપેન્ડ સાથે રોજ વ્યવસાયિક તાલીમ તેમજ વ્યવહારું જ્ઞાન મેળવી શકે. કાર્યક્રમમાં કૉલેજના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન કૉલેજ અને સી.એ.ફાઉન્ડેશન, સુરત વચ્ચે 'MoU' કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ભરતભાઈ બસરાની દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## આંતર વર્ગીય પ્રાર્થના અને દેશભકિત ગીત સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ

(ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૮/૦૭/૨૦૨૩ના રોજ આંતરવર્ગીય પ્રાર્થના અને દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૨૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સુહાની જાગીરદાર અને કેવલ જેઠવાએ ભૂમિકા ભજવી હતી. પ્રાર્થના સ્પર્ધામાં પ્રથમ ક્રમે તીર્થ ભીગરાડિયા–BBA, બીજા ક્રમે પ્રિયંકા ઢેબરિયા–BCA, ત્રીજા ક્રમે સાક્ષી આર–BBA, તેમજ દેશભક્તિ ગીતસ્પર્ધા પ્રથમ ક્રમે મોહિત માણવાની–BBA, બીજા ક્રમે પ્રદિપ ટિમ્બડિયા–BCA, અને ત્રીજા ક્રમે નેન્સી ધોરી–BBA વિજેતા થયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રિ.ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ. ધ્રુવ ગાંગડવાળાએ કર્યું હતું.

## ઇન્ટર કૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૮/૦૭/૨૦૨૩ના રોજ ઈન્ટરનેશનલ ચેસ ડે નિમિત્તે ઇન્ટર ક્લાસ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના જજ તરીકે શ્રી વૈદ્ય પ્રકાશ તિવારીએ સેવા આપેલ હતી. સ્પર્ધામાં બી.બી.એ., બી.કોમ અને બી.સી.એ.ના કુલ ૧૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બી.બી.એ. (છોકરાઓ) પૈકી પ્રથમ ક્રમે કટરોડયા સાહિલ કે., બીજા ક્રમે દરગડ કેશવ વી. અને ત્રીજા ક્રમે પંડયા સાહિલ એસ. જ્યારે બી.બી.એ. (છોકરીઓ) પૈકી પ્રથમ ક્રમે ધડુક જાનવી એસ., બીજા ક્રમે મકવાણા ઉવર્શી અને ત્રીજા ક્રમે વરીયા કૃપાલી બી.સી.એ.(છોકરાઓ) પૈકી પ્રથમ ક્રમે માંગુકિયા આયુશકુમાર કે., બીજા ક્રમે ચૌધરી અક્ષય અને ત્રીજા ક્રમે પટેલ પ્રથમ એ. જ્યારે બી.સી.એ. (છોકરીઓ) પૈકી પ્રથમ ક્રમે ભાલિયા તેજલ એન., બીજા ક્રમે લીંબાચિયા રિદ્ધિ એ. અને ત્રીજા ક્રમે કાનસાગરા સૃષ્ટિ એ. તેમજ બી.કોમ.માંથી પ્રથમ ક્રમે કશ્યપ આકાશ એસ., બીજા ક્રમે ઝા કિષ્ના એ. અને ત્રીજા ક્રમે નાવડિયા હિત આર.–વિજેતા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રદિપકુમાર લેંકા તેમજ સ્પોટ્ર્સ કમિટિ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## ઇન્ટર ક્લાસ કેરમ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૫/૭/૨૦૨૩ના રોજ ઇન્ટર ક્લાસ કેરમ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના જજ તરીકે શ્રી જીગ્નેશ પટેલ અને શ્રી વિવેક પટેલએ સેવા આપી હતી. બી.બી.એ., બી.કોમ અને બી.સી.એ.ના કુલ ૧૦ વિદ્યાર્થીની (બહેનો) અને ૧૫ વિદ્યાર્થી (ભાઈઓ)એ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધા દરમ્યાન કૉલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજર રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધારયો હતો. સ્પર્ધાના અંતે વિદ્યાર્થીઓ (ભાઈઓ) માંથી પ્રથમ ક્રમે એફ.વાય.બી.કોમ.ના વિવેક ધનધુકીયા બીજા ક્રમે પાર્થ ચૌધરી જ્યારે રનર્સઅપ ગોહિલ કેવલ અને એફ.વાય. બી.કોમ.ના મહેતા ક્રિશ વિજેતા રહ્યા હતા. જ્યારે વિદ્યાર્થિની (બહેનો)માંથી પ્રથમ ક્રમે એફ.વાય.બી.કોમ.ની લાઠિયા સાવત્રી બીજા ક્રમે વાનાણી મિલી જ્યારે રનર્સઅપ વઢેર દષ્ટિ અને એફ.વાય.બી.કોમ.ની પટેલ ગોપી વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રદીપકુમાર લેન્કા (સ્પોટ્ર્સ ટીચર) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## અંતાક્ષરી સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૦/૭/૨૦૨૩ના રોજ વિપુલ કલરવ ગૃપ દ્વારા અંતાક્ષરી સ્પર્ધા–૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વિપુલ કલરવ ગૃપના આયોજકશ્રી તેજસભાઈ મરચન્ટ તેમજ સંચાલકશ્રી નરેશભાઈ કાપડિયા હાજર રહ્યા હતા. સ્પર્ધામાં કૉલેજમાંથી ૯૬ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયકશ્રી મુકુંદભાઈ કાપડિયા અને ચંદાબેન કાપડિયાએ ફરજ બજાવેલ હતી. ટી.વાય.બી.બી.એ.ની રાઠોડ સાક્ષી ચેતનભાઈ અને ધોરી નેન્સી અશોકભાઈ સ્પર્ધાના વિજેતા તરીકે જાહેર થયા હતા. શ્રી તેજસભાઈ મરચન્ટ દ્વારા વિજેતાને ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.હેમાદ્રી ટીકાવાલા દ્વારા સંચાલન કરવામાં આવ્યું.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા








જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ માં તા. ૨૨/૭/૨૦૨૩ના રોજ બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ભકિત, કુદરતી પર્યાવરણ તેમજ ચંદ્રયાન–૦૩ જેવી થીમ રાખવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રેયા જૈનને આમંત્રિત કરવામાં આવેલ હતા. સ્પર્ધામાં ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન બી.બી.એ.ના કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે FYBBAમાંથી ધ્રુવ દેસાઈ, દ્વિતીય ક્રમે FYBBAમાંથી રોશની ટાંક અને તૃતીય ક્રમે TYBBAમાંથી હીના પટેલ જાહેર થયા હતા. જ્યારે આશ્વાસન ઈનામ FYBBAમાંથી ઈશા પારેખને આપવામા આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ SYBBAના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન થયેલું હતું.

## કારગીલ વિજય દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ







જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તારીખ ૨૬/૦૭/૨૦૨૩ ના રોજ કારગીલ વિજય દિવસ નિમિત્તે કૉલેજના સભાગૃહમાં શહીદો માટે શ્રધ્ધાંજલી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કૉલેજના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ, કૉલેજનો શૈક્ષણિક સ્ટાફ અને વહીવટી સ્ટાફ હાજર રહ્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ વિદ્યાર્થીઓને કારગીલની વાતો યાદ કરતા જણાવ્યું હતું કે, ૨૬મી જુલાઈ ૧૯૯૯ના કારગીલની પર્વતમાળામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ યુદ્ધ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કારગીલ યુદ્ધથી ઓળખનારા આ યુદ્ધને ભારતીય સૈન્યની વીરતા માટે હરહંમેશ યાદ રાખવામાં આવશે. આ યુદ્ધની વિજયગાથા પર દેશના જવાનોપર ગર્વ છે. આ સમગ્ર યુદ્ધમાં શહીદ થયેલ જવાનોને યાદ કરતા સમગ્ર સભાગૃહ શોકમંગ્ન થઈ ગયું હતું. કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી, શૈક્ષણિક સ્ટાફ અને વહીવટી સ્ટાફ તેમજ કૉલેજના વિદ્યાર્થીઓએ કારગીલના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## સુરત ઈન્ટર કૉલેજ ચેમ્પિયનશીપ સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૮/૦૭/૨૦૨૩ના રોજ બી.સી.એ વિંટર સેશનના વિદ્યાર્થીઓ દ્વારા સુરત ઈન્ટર કૉલેજ ચેમ્પિયનશીપ (SICC) હેઠળ આઈ.ટી. ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજમાંથી ૮૦ જેટલી ટીમના ૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એક ટીમમાં ૫ (પાંચ) વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. સુરત જ્યારે આઈ.ટી. હબ બની રહ્યું છે, ત્યારે વિદ્યાર્થીઓએ કમ્પ્યૂટર ક્ષેત્રે ગેમ ડેવલોપ કરી પોતાનામાં રહેલ ક્ષમતા દર્શાવી હતી. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ મેમ્બર શ્રી ગણપતભાઈ ધામેલિયા, શ્રી અલ્પેશભાઈ વધાસીયા, કાર્ટુન ગેમ્સ એજ્યુકેશન કૉલેજ તેમજ શ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી, બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જયમીન શુકલા, બી.સી.એ. વિંટરના કો–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાળા, બી.બી.એ. કો–ઓર્ડિનેટર સ્વાતિ મહેતા તથા બી.કોમ. કો–ઓર્ડિનેટર પ્રા. ધરીત નાયક હાજર રહ્યાં હતા. સ્પર્ધા દરમ્યાન કૉલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજર રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધારયો હતો. મહેમાનોના હસ્તે વિજેતા ટીમને રૂા.૨૦,૦૦૦/– સુધીનાં રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.સી.એ. વિંટરના કો–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાળા, તેમજ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.







## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### ગુરુપૂર્ણિમા તથા પ્રવેશોત્સવની ઉજવણી





બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં તા. ૩/૭/૨૦૨૩ના રોજ ગુરુપૂર્ણિમા અને પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કૉલેજના ઇ.ચા.આચાર્ય વર્ષાબેન રાણાએ વિદ્યાર્થીઓને આવકાર્યા અને સાચા અર્થમાં ગુરુ શું છે ? તેમનું મહત્વ સમજાવ્યું હતું, વિદ્યાર્થીઓએ તમામ શિક્ષકોને પુસ્તકો વડે વંદન કરી કુમકુમ વડે તિલક કર્યા હતા. પ્રાધ્યાપક ડૉ. નરેન્દ્રકુમાર સોલંકી, પ્રાધ્યાપક ડૉ. સોનલબેન વસાવાએ પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું, કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પણ ગુરુપૂર્ણિમાના મહત્વ વિશે પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક હરમિતસિંહ સરદાર તથા આભારવિધિ પ્રાધ્યાપક યોગીનીબેન પ્રજાપતિએ કરી હતી, અંતમાં રાષ્ટ્રીયગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

### વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજમાં તા. ૧૮/૭/૨૦૨૩ના રોજ ગીત સંગીત નૃત્ય ધારા હેઠળ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો, કૉલેજના આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ વર્ષાઋતુનું સુંદર વર્ણન કર્યું હતું, તેમજ પ્રાધ્યાપકોએ પણ વર્ષાઋતુનાં વર્ણનની શબ્દો થકી ઝાંખી કરાવી હતી, કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રા. હરમિતસિંગ સરદારે કર્યું હતું અને નિર્ણાયક તરીકે ડૉ. એન.બી.સોલંકી અને પ્રા. પ્રિયંકાબેન પટેલે ભૂમિકા ભજવી હતી, સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગરાણિયા પ્રિયંકા એફ.વાય. બી.કોમ, દ્વિતિય ક્રમે સોની પ્રિયાંશુ ટી.વાય.બી.કોમ અને તૃતીય ક્રમે મુનશી માહેનૂર ટી.વાય.બી.કોમ વિજેતા રહ્યા હતા, કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રિયંકાબેન પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.









### એક દિવસીય ટ્રેકિંગનું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરાના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતુ. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ આંકડા ધોધ વાંગણ ગામ અને અજમલગઢની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ મન મૂકીને કુદરતની મજા માણી હતી તથા કુદરતી સૌંદર્ય નિહાળી પવિત્રધામ અજમલગઢ ખાતે શિખર પર આવેલા જુદા જુદા હિન્દુ દેવી દેવતાના મંદિરમાં દર્શન કર્યા હતા અને પારસીઓના સીમાચિન્હરૂપ સ્મારકની મુલાકાત લીધી હતી. ટ્રેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓને ગ્રામ્ય જીવનની અનુભૂતિ થઈ હતી તથા તેમની રહેણીકરણીનો ખ્યાલ આવ્યો હતો. પ્રકૃતિનો નજારો જોઈને તેઓ ગદગદીત થઈ ગયા હતા સમગ્ર દિવસ દરમ્યાન ટ્રેકિંગનું સંચાલન ઇ.ચા.વર્ષાબેન રાણાના માર્ગદર્શન અને સલાહ સૂચન મુજબ પ્રા. પાર્થ ઠક્કરે કર્યું હતું.





## સેમિનાર








બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં એન.એસ.એસ. અને ગુજરાત સરકારનું સાહસ સી.ઈ.ડી.ના સંયુકત ઉપક્રમે 'તણાવ સંચાલન અને આત્મહત્યા નિવારણ' પર સેમિનાર યોજાયો હતો જેમાં વલસાડના ખ્યાતનામ મનોચિકિત્સક ડૉ. વિરેનસિંહ સોલંકીએ માનસિક તણાવ અને ડિપ્રેશનની સ્થિતિમાં શું થાય અને એ વખતે દર્દીએ શું નિર્ણય લેવો ? એ વિશે મુદ્દાસર એના લક્ષણો અને ઉપાયો સરળ રીતે જણાવ્યા હતા. જે વિદ્યાર્થીઓ અને સામાન્ય વ્યકિતને ઉપયોગી છે. આ પૂર્વે સી.ઈ.ડી.ના પ્રતિનિધિ પવનભાઈ પટેલ અને ઇ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ પૂર્વભૂમિકા પૂરી પાડી હતી. કાર્યક્રમમાં મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીને વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. ઉદ્ઘોષક તરીકે પ્રા.હરમિતસિંહ સરદારે સેવા આપી હતી અને આભારવિધિ ડૉ. સોનલબેન વસાવાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ઓ.ડૉ.એન.બી.સોલંકી અને પ્રો. પાર્થ ઠક્કરે ઇ.આ.વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

## ચિત્ર સ્પર્ધાનું આયોજન





એ.વી. પટેલ કોમર્સ કૉલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચિત્ર સ્પર્ધાનો વિષય એક ભારત શ્રેષ્ઠ ભારત, પર્યાવરણ અંગે જાગૃતિ, સ્વચ્છતાનું મહત્વ, ભારતની વિવિધતામાં એકતા હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ અને સુંદરચિત્રોનું પ્રદર્શન કર્યું હતું. ઈ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયાબેન ટંડેલ અને પ્રા. પાયલબેન કેવતે સેવા આપી હતી. સ્પર્ધામાં પટેલ વિકી પ્રથમ ક્રમ, ચાપાનેરી હિતીક્ષા બીજો ક્રમ અને ગૌતમ નંદની અને પટેલ મયંકે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો.

## કારગીલ શહીદ દિવસની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં NCC અને NSSના સંયુક્ત ઉપક્રમે કારગીલ શહીદ દિવસ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન.સી.સી.ના ઓફિસર ડૉ. સોનલબેન વસાવા તથા એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. એન.બી.સોલંકી તથા પ્રા. પાર્થ ઠક્કર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને શહીદ જવાનોને ફૂલો દ્વારા શ્રદ્ધાજલિ આપી બે મિનિટનું મોન પાળવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા દેશની સેવા કરવાનો સંકલ્પ પણ લેવાયો હતો અને આપણી આઝાદીના રખેવાળ જવાનોના બલિદાનને બિરદાવ્યું હતું.








## NCC Orientation પ્રોગ્રામનું આયોજન

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાં ખાતે NCC યુનિટના ઉપક્રમે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે NCC Orientation પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય વકતા સબ લેફટનન્ટ ડૉ. સુરેન્દ્રસિંહ ગોહિલ સર એન.એમ. કૉલેજ ઓફ એગ્રીકલ્ચર નવસારી તેઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, આપણા જીવનમાં માહિતી અને સમજ કેળવવી ખૂબ જરૂરી છે. હું મારી જાતને શા માટે ભણાવી રહ્યો છું? શું સારું જીવન જીવવા માટે! અલગ અલગ સ્કીલ વિશે માહિતી આપી હતી. જેમાં કમ્યુનિકેશન સ્કિલ ,ક્રિટીકલ થીકીંગ આ બધી જ બાબતો આપણા જીવનમાં ખૂબ જ જરૂરી છે અને એન.સી.સી.ની અંદર જોડાવાથી આ દરેક સ્કિલ ડેવલપ થાય છે. અને વિદ્યાર્થી પોતાનો વિકાસ કરી શકે છે. દેશભકિતની શરૂઆત વાતો કરવાથી નહી પરંતુ ડિફેન્સમાં જવાથી ખબર પડે છે કે દેશભકિત શું છે. એન.સી.સી. પડકારોનો સામનો કરી જીવનમાં આગળ વધવાની એક તક આપે છે. આજનાં સમયમાં લોજિકલ નિર્ણય લેવો ખૂબ જરૂરી છે. એ તમને એનસીસી શીખવાડે છે.

એનસીસીમાં જોડાવાથી થતા ફાયદાઓ એનસીસીના ધ્યેય વિશે પદ્ધતિસર માહિતી આપી હતી. ઈ.ચા.આચાર્ય પ્રા. વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનો શાબ્દિક તથા પુષ્પ અને મોમેન્ટો આપી મહેમાનને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનસીસી ઓફિસર સબ લેફટનન્ટ ડૉ. સોનલબેન વસાવાએ કર્યો હતો આભાર વિધિ લીડિંગ કેડેટ આરતીએ કર્યું હતું. કૉલેજના બીજા વર્ષ અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા એનસીસી કેડેટ્સ સ્ટેજ ડેકોરેશન પેન્ટિંગ કરી ખૂબ જ સુંદર કામગીરી કરી હતી. કૉલેજના ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ સભ્યોનો પણ ખૂબ સુંદર સહકાર મળ્યો હતો.






## મને ગમતું પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક પર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. પુસ્તકનો સંગ એટલા માટે શ્રેષ્ઠ છે કે માણસના એકાંતનો એક માત્ર એ ઈષ્ટમિત્ર છે. મન અને ચિત્તને સતેજ કરી ચેતન પૂરું પાડે છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સાહન પૂરા પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં પાંચ વિદ્યાર્થીઓ અને કૉલેજના અધ્યાપિકા દીપિકાબેન પી. લાડ દ્વારા ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.







## CATC કેમ્પસમાં કૉલેજના કેડેટ્સનો ઉત્કૃષ્ટ દેખાવ

લીડરશીપ એકેડમી રાજપીપળા જીતનગર મુકામે ૧૦ દિવસનો CATC કેમ્પસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પસમાં એ.વી.પટેલ કોમર્સ કૉલેજના ૧૯ કેડેટ્સ ભાગ લીધો હતો. આ કેમ્પ દરમ્યાન સીમાફોર, બોટ પુલિંગ, શિપ મોડલિંગ ફાયરિંગ ડ્રિલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ રેડક્રોસ રાજપીપળાના દ્વારા CRP પ્રાથમિક સારવારની તાલીમ, ટ્રાફિક નિયમોની તાલીમ જેવી પ્રવૃત્તિઓની સાથે સાથે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રમતગમત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન રસાખેંચ બહેનોને સ્પર્ધામાં એલ.ડી.કેડેટ ડાંગર કિંજલ, એલ.ડી.કેડેટ ત્રિશા, એલ.ડી.કેડેટ મિસ્ત્રી આરતી, કેડેટ પૂજા, કેડેટ પ્રજાપતિ ભૂમિ બહેનોની ટીમ ચેમ્પિયન બની હતી. તથા ભાઈઓની ટીમ પણ વિજેતા બની હતી. બેસ્ટ વર્ડ ઓફ કમાન્ડમાંનો મેડલ કેડેટ શુકલા અભિષેકને પ્રાપ્ત થયો હતો. હાઈજીન મેન્ટેનનું બેસ્ટ મેડલ કેડેટ ડાંગર કિંજલને મળ્યો હતો. બેસ્ટ માર્ચિંગ તથા બેસ્ટ ડ્રેસિંગનો મેડલ એ.વી.પટેલ કોમર્સ કૉલેજના એન.સી.સી. કેડેડના ગ્રુપને પ્રાપ્ત થયો હતો. આ સિદ્ધિ બદલ ૯ ગુજરાત નેવલ એન.સી.સી. યુનિટના કમાન્ડર અમિત નૈન કૉલેજના એનસીસી કેડેટને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આ સિદ્ધિ પ્રાપ્ત કરે એ માટે મોટીવેટ કર્યા હતા. ઈ.ચા.આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ એનસીસી કેડેટને તથા એનસીસી ઓફિસર સોનલબેન વસાવાને અભિનંદન પાઠવ્યા હતા.



## સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### ગુરુપૂર્ણિમાની ઉજવણી

મહાભારતના રચયિતા વેદ વ્યાસના જન્મ દિવસને આપણે ગુરુપૂર્ણિમા અથવા વ્યાસપૂર્ણિમા તરીકે ઉજવીએ છીએ. ભારત જેવા આધ્યાત્મિક દેશમાં ગુરુપૂર્ણિમાંનું મહત્વ અનેરું છે. કારણ કે, આ દિવસે તેઓ ગુરુની કૃપા અને અનુકંપા પ્રાપ્ત કરે છે. આ જ રીતે આધ્યાત્મ અને અધ્યયનના માર્ગે ચાલતી સત્યમ્ કૉલેજ ઓફ એજ્યુકેશન, મહિલા બી.એડ્. કૉલેજમાં ૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત શ્રી નર્મદા સંસ્કૃત વેદ પાઠશાળાના પ્રધાન–આચાર્ય ડૉ. હરીશ ભટ્ટશ્રીએ રામાયણ અને મહાભારતના દ્રષ્ટાંત દ્વારા બી.એડ્.ના તાલીમાર્થીઓને ગુરુ–શિષ્યના સંબંધોનું મહત્વ સમજાવ્યું હતું. ગુરુ–શિષ્યના સંબંધ દ્વારા જ શિક્ષણ સાચા અર્થમાં પ્રાપ્ત કરી શકાય છે. ગુરુનું કાર્ય શિષ્યને 'સભ્ય' બનાવવાનું છે. સંસ્થાના નિયામકશ્રી જાગૃતિબેન પંડયાએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતા તાલીમાર્થીઓને ગુરુ પૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમની ઉજવણીમાં બી.એડ્.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ગુરુવંદના રજૂ કરતું નૃત્ય, ગુરુ–શિષ્ય સંબંધ આધારિત નાટક અને ભજન જેવી કૃતિ રજૂ કરી હતી તેમજ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કર્યું હતું. અંતે બી.એડ્.ના તાલીમાર્થીઓને કાર્યક્રમમાં ભાગ લેવા બદલ પ્રોત્સાહન આપવા માટે તપોવન સંકુલના પ્રમુખશ્રી દિનેશ પંડયાએ ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી આનંદીબેન પટેલ દ્વારા લખાયેલ પુસ્તક 'એ મને હંમેશા યાદ રહેશે' ભેટ આપી તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.













## આર.કે.દેસાઈ કૉલેજ ઓફ એજ્યુકેશન, વાપી.

### યોગ તાલીમ

તા. ૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ નિલેશ કોસિયા (યોગ કો–ઓર્ડિનેટર–વલસાડ, ગુજરાત યોગ બોર્ડ)ની રૂબરૂ મુલાકાત કરી MoUની દરખાસ્ત સ્વીકારતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આર. કે. દેસાઈ કૉલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં એક મહિનાની યોગ તાલીમ શિબિર શરૂ કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમના આયોજક તરીકે ડૉ. વૈશાલી દેસાઈ અને યોગ કોચ તરીકે શરૂ કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમના આયોજક તરીકે ડૉ. વૈશાલી દેસાઈ અને યોગ કોચ તરીકે શીતલ ત્રીગોત્રા સંપૂર્ણ તાલીમ શિબિરનું સંચાલન કરશે. આ કાર્યક્રમમાં તમામ તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકો યોગની સંપૂર્ણ તાલીમ લેશે અને અંતે યોગ શિક્ષક માટેનું ગુજરાત યોગ બોર્ડ દ્વારા સર્ટિફિકેટ મેળવશે.











## ગુરુપૂર્ણિમાની ઉજવણી

આર.કે.દેસાઈ કૉલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં 'ગુરુપૂર્ણિમા'ના પાવન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એડ.ના પ્રાધ્યાપકોનું કુમકુમના ચાંદલો કરી કાર્યક્રમ માટે આવકાર્યા હતા. દીપ પ્રાગટ્ય કરી એફ.વાય. બી.એડ.ની તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ બી.એડ.ના તમામ પ્રાધ્યાપકોનું પુષ્પ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. એફ.વાય.બી.એડ.ની તાલીમાર્થી વૈરાગી પ્રિયંકા દ્વારા સ્તુતિ નૃત્ય, ગ્રુપ ડાન્સ દ્વારા ગુરુ સ્તુતિ નૃત્ય, પટેલ ક્રેની અને પટેલ કરીના દ્વારા ગુરુપૂર્ણિમા વિશે વકતવ્ય, વૈશાલી પટેલ અને મનાલી ધોડી દ્વારા કાવ્ય પઠન, મનીષા પટેલ દ્વારા દોહા ગાન, પ્રતીક્ષા પટેલ દ્વારા ગુરુપૂર્ણિમાં પ્રશ્નોત્તરી અને ગુરુનું વિશેષ મહત્વ સમજાવતું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. જે સમગ્ર કાર્યક્રમનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ત્યારબાદ એસ.વાય.બી.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા PPT Presentation દ્વારા વૈદિક કાળના ગુરુઓનો વિશિષ્ટ પરિચય કરાવી આપણી ભુલાતી જતી સંસ્કૃતિને ઉજાગર કરવાનો સમર્થ પ્રયાસ કર્યો હતો. કાર્યક્રમના અંતે આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણ, ડૉ. ગુંજન વશી, ડૉ. રાહુલ ટંડેલ, ડૉ. વૈશાલી દેસાઈ અને પ્રા. અક્ષય ટંડેલ દ્વારા આશીર્વચનો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન એફ.વાય.બી.એડ.ના તાલીમાર્થી મનાલી પટેલ, જયશ્રી ધોડી, ઐશ્વર્યા પટેલ અને પલક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન ડૉ. વૈશાલી દેસાઈ, પ્રા. દીક્ષિતા ઢીમ્મર અને ડૉ. સારિકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા બદલ કૉલેજના ચેરમેનશ્રી મિલન દેસાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી.























## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### National Doctors' Day - 2023 Celebration

C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara & HMAI, Vyara Unit celebrated National Doctors' Day & give Floral Tribute to Late Viralbhai Purohit on 01/07/2023. Dr. Swapnil Khengar welcomed all staff members and students of college. Principal Madam with staff and students enlight the lamp and offered flowers to Goddess Ma Saraswatiji and Dr. Samuel Hahnemman. All Staff and Students together took the Hahnemannian Oath. Principal Dr. Jyoti Rao delivered speech on Doctor's Day and gave best wishes. Institute has honored all doctors of College, Hospital, Naturopathy with a gift. Also arrangement of refreshment for all Doctors. The entire program was arranged by Dr. Swapnil Khengar & team of Activity Committee under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.













### Seminar

on occasion of Guru Purnima a Seminar was arranged by C N Kothari Homeopathic Medical College, Vyara in association with HMAI Vyara Unit on dated 3/7/2023. The Seminar was presented by Dr Dinky Gajiwala an Oncologist from Surat on the Topic of Primary Awareness about Cancer. The Speaker spoke on causes, role of screening for early detection of cancer ,newer therapies & it's effect. It was a basic valuable seminar. The Seminar was attended by 4th BHMS students, interns & Staff of the College. It was arranged by Seminar Committee headed by Dr. J. J. Jain under the guidance of Principal Dr. Mrs. J.R.Rao.








### How to Study Organon

On 4th July 2023 a seminar was organised by C. N. Kothari homoeopathic medical College & Research centre, Vyara in association with HMAI Vyara unit. The speaker of the seminar was Dr Sanjay Modi & he spoke on the topic of "How to study Organon". The purpose of the seminar was to make students aware of how to study & understand the Organon. It was attended by 1st & 2nd BHMS students & the staff of the institute. The seminar was arranged by the seminar committee headed by Dr J. J. Jain under the guidance of principal ma'am Dr Jyoti Rao.





## Guru Purnima Celebration - 2023

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara and HMAI vyara Unit celebrated "GURU PURNIMA" on 03/07/2023. On this special occasion, the students of 4th year BHMS celebrated "GURU PURNIMA" by cake cutting. They acknowledge all the Teaching staff and appreciate all the "Gurus". Students of 4th year BHMS, staff members and Principal Dr. (Mrs.) Jyoti Rao express their views on this occasion. All the staff members appreciate the celebration done by 4th year BHMS students. On this day the beautiful "Rangoli" prepared by the students of College, which represents the "Guru & Shishya." Also the L. R. & C. R. of each class represents their Quotes & Thoughts on chart paper. Which is displayed on notice board. Whole programme was co-ordinatated by Dr. Swapnil Khengar and team of activity committee under the successful guidance of Principal Dr. (Mrs.) Jyoti R. Rao.









## Nuclear Radiation Safety

On 13th July 2023 a Seminar was Organised by C.N.Kothari Homeopathic Medical College, Vyara in association with HMAI Vyara Unit. The Seminar was related to Nuclear Radiation Safety. Topic was Role of AERB-An independent regulatory body that oversees the safety of nuclear power in India.It was presented by AERB- Scientific Officers from Mumbai-Smt V Anuradha, Mr. Pratik Gogod, Anand Pinjarkar & Kum. Khushboo & Co-ordinated by Mr. R. B. Patil from KAPS Vyara. The Seminar was informative to the Students of 3rd & 4th BHMS & Teaching Staff of the institution. The Seminar was conducted as a part of Medical education under Department of Community Medicine of the Institution. It was arranged by the Seminar Committee under the leadership of Dr. J.J. Jain & guided by Principal Dr. Mrs. J. R. Rao.





## Thalassemia Testing Camp

On 18th July 2023 C.N.Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara & HMAI Vyara Unit with collaboration of Indian Red Cross Society Tapi District pays tribute to Late. Shri Anilbhai Maganbhai Shah on his 14th Death anniversary by organizing Thalassemia testing camp for the student of 1st Year BHMS at Red Cross Bhavan in College Campus. The entire program was arranged by Dr. Swapnil Khengar & team of Activity Committee under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.










## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### મહેંદી સ્પર્ધાનું આયોજન

ઉધના કૉલેજમાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૪/૭/૨૦૨૩ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈને તેમની કલાત્મક કુશળતા દર્શાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ રૂપલ T.Y.B.Com., દ્વિતિય ક્રમે પાટીલ કોમલ T.Y.B.Com. અને તૃતીય ક્રમે પટેલ ક્રીશી SYBCAએ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપક ડૉ. હેતલ શાહ અને ડૉ. પ્રતીક્ષા દેસાઈએ સેવા આપી હતી. કલાકૌશલ્ય સમિતિએ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (B.B.A.) ડૉ. ડેઈઝી તેક્કનાલ, ઉપાચાર્ય (B.C.A.) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (B.C.A. Evening) ડૉ. તેજસ ઘડિયાળીનો સતત માર્ગદર્શન અને સહકાર આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

### શૈક્ષણિક તાલીમનું આયોજન

ઉધના કૉલેજમાં સુરત જિલ્લા સહકારી મંડળી દ્વારા TY B.Com.ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૦/૦૭/૨૦૨૩થી તા.૧૫/૦૭/૨૦૨૩ દરમ્યાન ૬ દિવસીય શૈક્ષણિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં તજજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ બાબતો વિષે સમજૂતી આપવામાં આવી હતી. શ્રી દિલીપ દેસાઈ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ભૂતપૂર્વ સહકારી શિક્ષણ અધિકારી દ્વારા સહકારી સંસ્થામાં નફાકારકતા વધારવાના ઉપાયો વિષે ચર્ચા કરવામાં આવી હતી. સર.કે.પી. કોમર્સ કૉલેજનાં ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને કુશળ વકતાશ્રી સૂર્યકાંત શાહે ગ્રાહક સુરક્ષા–ઈકોમર્સ પર વ્યાખ્યાન આપ્યું હતું. સહકારી ક્ષેત્રનાં વ્યાપ વિષે વિસ્તૃત સમજૂતી ધી ગુજરાત રાજ્ય સહકારી બેંક ફેડરેશનના ડિરેકટરશ્રી કાનજીભાઈ ભાલાલા દ્વારા આપવામાં આવી હતી. સુરત જિલ્લા સહકારી મંડળીનાં પ્રશિક્ષક પાર્વતીબેન પટેલે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. તાલીમનાં છેલ્લે દિવસે વિદ્યાર્થીઓ માટે સુમુલ ડેરીની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ તાલીમમાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં નોંધણી કરાવી લાભ લીધો હતો. આ તાલીમ શિબિરનું આયોજન કૉલેજના પ્રાધ્યાપક ડૉ. પર્લ ખરાસ અને ડૉ.હેતલ શાહ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવકામાં આવ્યું હતું.












## Orientation કાર્યક્રમનું આયોજન

ઉધના કૉલેજમાં તા. ૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રથમ વર્ષના બી.કોમ./બીબીએ વિદ્યાર્થીઓ માટે Orientation કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને તમામ પ્રાધ્યાપકનો પરિચય કરાવવામાં આવ્યો. તેમજ કૉલેજનાં નીતિ–નિયમો વિષે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કૉલેજમાં વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો વિશે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતમાં વિદ્યાર્થીઓને ધ્યાન અને લગન સાથે અભ્યાસ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.






## Orientation કાર્યક્રમનું આયોજન

ઉધના કૉલેજમાં તા. ૧૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રથમ વર્ષના BBA વિદ્યાર્થીઓ માટે Orientation પ્રોગ્રામ અને Ice-Bereaking સેશનનું આયોજન કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ અને BBAનાં ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. રૂદ્રી પુરોહિત, પ્રા. બેનાઈફર ડુમસિયા અને ડૉ. હિતેશ પટેલે તમામ વિદ્યાર્થીઓને કૉલેજ પરિવાર, બીબીએ ફેકલ્ટી, બીબીએ અભ્યાસક્રમનું માળખું અને કૉલેજમાં થતી વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય પ્રેઝન્ટેશન દ્વારા કરાવ્યો હતો. વિદ્યાર્થીઓને વિવિધ મેનેજમેન્ટ ગેમ્સની મદદથી ધ્યાન અને દઢતા સાથે અભ્યાસ કરવા માટે પણ પ્રરિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-7-2023 to 31-7-2023

| Detail | Description | July-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 2856 | |
| | Internet Lab User | 68 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 5 | |
| | UG/PG Students | 244 | |
| | Research Scholars | 24 | |
| | Non Teaching Staff | - | |
| | Visitors | 3 | |
| | Online User | - | |
| | Total | | 3200 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| July-2023 | 706 | 588 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2023 | 08 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2023 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2023 | 09 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**